RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 31-07-2026 I VOL : 12 I Issue : 136 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

તમારી ઓળખ તમારા કર્મોથી બને છે. મહેનત ક્યારેય દગો આપતી નથી.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

ભાયાવદરના પડવલા ગામે રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર પોલીસનો...

4

80 કિલો વજન ઉંચકીને ચાલીને કાવડયાત્રીઓ આખા વિશ્વનું ધ્યાન...

6

અભિનેત્રી નિયા શર્મા બીચ પર મોજ કરતી જોવા મળી

7

અજિંક્ય રહાણેએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

## રાજ્યસભામાં ખડગેના નિવેદનથી મામલો ઉગ્ર બન્યો

# અમિત શાહ બંધ રૂમમાં લાંબુ નહીં રહી શકે, ખેંચીને લાવીશું: ખડગે

### ■ ખડગેએ મનુસ્મૃતિનો ઉલ્લેખ કર્યો, ગૃહમંત્રીનું રાજીનામું માગ્યું

નવી દિલ્હી

રાજ્યસભામાં પેપર લીક સંબંધિત પરીક્ષા સુધારા બિલ પર ચર્ચા દરમિયાન મલ્લિકાર્જુન ખડગેના 'મનુસ્મૃતિ' નિવેદન પર હોબાળો થયો. તેઓ શૈક્ષણિક સંસ્થાઓ પર RSSના હસ્તક્ષેપ વિશે બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે શિક્ષણ સંસ્થાઓમાં મનુસ્મૃતિ માનનારા વધી ગયા છે, જેનાથી શૂદ્રને ભણવાનો અધિકાર છીનવાઈ ગયો છે. આના પર સદનમાં હોબાળો શરૂ થઈ ગયો. આના પર જેપી નડ્ડાએ અટકાવતા કહ્યું કે ખડગેનું નિવેદન તથ્યોથી દૂર છે. આનાથી અશાંતિ ફેલાઈ શકે છે. ત્યારબાદ સભાપતિ સીપી રાધાકૃષ્ણને કહ્યું કે મનુસ્મૃતિ સંબંધિત નિવેદન રેકોર્ડ પરથી હટાવી દેવામાં આવશે. આ આખી ચર્ચા પેપર લીક સંબંધિત પબ્લિક એક્ઝામિનેશન સુધારા બિલ પર ચર્ચા દરમિયાન થઈ. ખડગેએ કહ્યું- આ બિલથી કોઈ ફરક પડવાનો નથી. પેપર ચોરનારા બચતા રહેશે. વિદ્યાર્થીઓ પીટાતા રહેશે.



### વડાપ્રધાને વિદ્યાર્થીઓની તાકાત સામે ઝૂકવું પડ્યું: ખડગે

રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે છેલ્લા બે મહિનાથી સર્જાયેલી પરિસ્થિતિમાં દેશના યુવાનો અને વિદ્યાર્થીઓ રોડ પર ઉતરી આવ્યા હતા. વડાપ્રધાને પોતાની ખુરશી જવાનો ડર લાગતાં તેમણે ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા પડ્યા અને યુવાનોની માંગ સ્વીકારવી પડી.

### 'વંદે માતરમ'નું અપમાન કરવું હવે ગુનો, સંસદના બંને ગૃહમાં બિલ પાસ

સંસદના ચાલી રહેલા ચોમાસું સત્ર વચ્ચે બે મોટા સમાચાર સામે આવ્યા છે. એક તરફ 'વંદે માતરમ'નું અપમાન કરવાને ગુનો ગણાવતું બિલ સંસદના બંને ગૃહોમાં પાસ થઈ ગયું છે, તો બીજી તરફ સરકાર આ સત્રમાં 'એક દેશ, એક ચૂંટણી' સાથે જોડાયેલું બિલ રજૂ નહીં કરે. 'એક દેશ, એક ચૂંટણી' બિલની સમીક્ષા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ(JPC)નો કાર્યકાળ લંબાવી દેવાયો છે. હવે આ સમિતિએ પોતાની રિપોર્ટ સંસદના શિયાળુ સત્રના છેલ્લા અઠવાડિયાના પહેલા દિવસે સોંપવાની રહેશે.

## વિદ્યાર્થીઓ પર પેલેટ ગન મુદ્દે હોબાળો, સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ હાઇ લેવલ કમિટી બનાવવાની રાહુલ ગાંધીની માગ

નવી દિલ્હી


લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ 20 જુલાઈએ વિદ્યાર્થીઓના આંદોલનમાં કથિત પેલેટ ગનનો ઉપયોગ કરવા મામલે કેન્દ્ર સરકાર અને સંબંધિત એજન્સીઓ પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા માંગ કરીને કહ્યું કે, આ સમગ્ર ઘટના મામલે સુપ્રીમ કોર્ટના દેખરેખ હેઠળ



સ્વતંત્ર હાઈલેવલ કમિટી બનાવવાની તપાસ થવી જોઈએ. દેખાવો દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા શેખ ઈરશાદ મંસૂરીનો મેડિકો લીગલ કેસ (MLC) રિપોર્ટ સામે આવ્યા બાદ રાહુલ ગાંધીએ આ નિવેદન આપ્યું છે. રાહુલ ગાંધીએ એક્સ પર લખ્યું છે કે, 'વિદ્યાર્થીઓને ન્યાય મળવો જોઈએ અને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ એક સ્વતંત્ર હાઈ કમિટીની રચના કરવી જોઈએ અને વિદ્યાર્થીઓ પર થયેલી કથિત બર્બરતાની તપાસ થવી જોઈએ. દેખાવોમાં પેલેટ ગનનો ઉપયોગ થવાનો ઈજાગ્રસ્ત યુવાનનો આક્ષેપ 25 વર્ષિય શેખ ઈરશાદ મંસૂરીએ 20 જુલાઈએ દેખાવો દરમિયાન કથિત પેલેટ ગનનો ઉપયોગ થયો હોવાનો આક્ષેપ કર્યો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરનાર મંસૂરીનો મેડિકો-લીગલ કેસ (MLC) રિપોર્ટમાં અનેક મહત્ત્વનો ખુલાસો થયો છે.

### એક નજર...

**આમના શરીફના હોટ અવતારને જોઈ ફેન્સ થયા પાણી પાણી**



અભિનેત્રી આમના શરીફ તેના સ્ટાઈલિશ અંદાજને કારણે ચર્ચામાં છે. નાના પડદા પર 'કશિશ' નું પાત્ર ભજવનાર અભિનેત્રીના લાખો લોકો દિવાના છે. આમના શરીફ સોશિયલ મીડિયા પર તેના અલગ-અલગ ફોટા શેર કરે છે. તેના દ્વારા તે ફેન્સને તમામ અપડેટ્સ આપતી રહે છે. આમનાને ફરવાનો ખૂબ શોખ છે, તે તેના ઈન્સ્ટાગ્રામ પરથી જોઈ શકાય છે.

## જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડમાં ભૂસ્ખલન, કેદારનાથ રૂટ બંધ

શ્રીનગર

દેશભરમાં ભારે વરસાદનો દોર ચાલુ છે. હવામાન વિભાગે ગુરુવારે રાજસ્થાન સહિત 16 રાજ્યોમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તરાખંડના ત્રણ જિલ્લાઓ રુદ્રપ્રયાગ, ચમોલી અને ઉત્તરકાશીમાં ગુરુવારે સવારે ભૂસ્ખલન થયું. ગૌરીકુંડ પાસે ભૂસ્ખલન થવાને કારણે કેદારનાથ ટ્રેકિંગ રૂટ બંધ કરી દેવામાં આવ્યો છે અને યાત્રાળુઓને રોકવામાં આવ્યા છે. દેશભરમાં ભારે વરસાદનો દોર ચાલુ છે. ઉત્તરાખંડના 7 જિલ્લામાં બુધવારે વરસાદ થયો. હરિદ્વારમાં ગંગાના ભારે વહેણમાં ગંગાજળ ભરતી વખતે એક યુવક તણાઈ ગયો. ઘાટ પર ફરજ બજાવી રહેલી SDRF ટીમે તેને બચાવી લીધો. જ્યારે, રુદ્રપ્રયાગના અગસ્ત્યમુનિમાં ધોધમાર વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાયા.

## લોકસભાની બેઠકો 850 કરવી એ લોકતંત્ર માટે ઘાતક, એની જગ્યાએ ધારાસભ્યો વધારો : શશિ થરુર

### ■ કેન્દ્ર સરકાર લોકસભાની બેઠકો 543થી વધારીને 824-850 કરવાની તૈયારીમાં

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દેશમાં નવા પરિસીમન (Delimitation) હેઠળ લોકસભા સભ્યોની સંખ્યા 543થી વધારીને આશરે 824થી 850 કરવાની તૈયારીમાં છે. આ માટે સંસદમાં એક મહત્ત્વપૂર્ણ બંધારણીય સુધારા બિલ લાવવાની પણ યોજના છે, જેના માટે સત્તાપક્ષને સંસદમાં મતદાન કરનારા સાંસદોના બે-તૃતિયાંશ બહુમતીના સમર્થનની જરૂર પડશે. આ તમામ અટકળો વચ્ચે કેરળના કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એક અંગ્રેજી અખબારમાં લેખ લખીને ચેતવણી આપી છે કે આ નવી વ્યવસ્થા ભારત ક્ષેત્રના લોકશાહી માળખાને નબળું કરી દેશે. રાજકીય અને પ્રશાસનિક પડકારો એક લેખમાં શશિ થરૂરે જણાવ્યું છે કે, સંસદનું આટલું મોટું વિસ્તરણ દેશના સંસ્થાકીય માળખા માટે નુકસાનકારક સાબિત થશે. સરકારનો તર્ક છે કે 1972 પછી ભારતની વસતી બમણા કરતાં પણ વધી ગઈ છે, તેથી સીટો વધારવી એ એક ગાણિતિક જરૂરિયાત છે.

### NEWS TRACK

**ચીને LAC નજીક તહેનાત કર્યા 12 J-20 સ્ટીલ્થ ફાઇટર જેટ, સેટેલાઇટ તસવીરોમાં ખુલાસો**

ભારત સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા(LAC) સામે ચીનની સરહદે ચીની વાયુસેનાની મોટી હલચલ સામે આવી છે. સેટેલાઈટ તસવીરોમાં ખુલાસો થયો છે કે ચીને ભારતીય સરહદ તરફ તેના બે એરબેઝ પર ઓછામાં ઓછા 12 અત્યાધુનિક J-20 સ્ટીલ્થ ફાઈટર જેટ તહેનાત કર્યા છે. તાજેતરના વર્ષોમાં સરહદ નજીક ફિફ્થ જનરેશન સ્ટીલ્થ વિમાનોનો આ સૌથી મોટો જમાવડો માનવામાં આવી રહ્યો છે. 'વાન્ટોર' (Vantor) નામની કોમર્શિયલ સેટેલાઈટ ફર્મ દ્વારા લેવાયેલી આ તસવીરોમાં પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સ (PLAAF) દ્વારા શિનજિયાંગના હોટાન એરબેઝ અને તિબેટના દામક્ષુંગ એરબેઝ પર આ વિમાનો તહેનાત કરાયેલા દેખાય છે. ક્યાં કેટલા વિમાનો તહેનાત કરાયા? હોટાન એરબેઝ (શિનજિયાંગ): 9 જુલાઈની તસવીરો અનુસાર, શિનજિયાંગ ઉઈઘુર સ્વાયત્ત વિસ્તારમાં આવેલા આ નાગરિક અને લશ્કરી (દ્વાર-ઉપયોગી) એરબેઝના ટારમેક (રન-વે) પર 8 J-20 'માઈટી ડ્રેગન' સ્ટીલ્થ ફાઈટર પાર્ક કરેલા જોવા મળ્યા હતા.

**નેપાળમાં કોમી હિંસા: તોફાનીઓ-પોલીસ વચ્ચે ઘર્ષણ, 6થી વધુ શહેરોમાં કર્ફ્યૂ, ત્રણના મોત**

નેપાળના સુનસરી જિલ્લાના દેવાનગંજ અને કપ્તાનગંજ વિસ્તારમાં બોલબમ (કાંવડ) યાત્રા દરમિયાન શરૂ થયેલી કોમી હિંસા હવે દેશના અન્ય ઘણા શહેરોમાં ફેલાઈ ગઈ છે. છેલ્લા 4 દિવસથી ચાલી રહેલી હિંસા, તોડફોડ, પથરાવ, આગજની અને પોલીસ સાથેના ઘર્ષણે કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. સ્થિતિને કાબૂમાં લેવા માટે વહીવટીતંત્રે 6થી વધુ શહેરોમાં અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાદી દીધો છે અને સંવેદનશીલ વિસ્તારોમાં સેનાને હેલિકોપ્ટર સાથે મોરચો સંભાળવાની ફરજ પડી છે. હિંસામાં 3 લોકોના મોત અને અનેક ઘાયલ આ હિંસક ઝઘડાઓ અને પોલીસ ગોળીબારમાં અત્યાર સુધીમાં 3 લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ડઝનબંધ લોકો ગોળી વાગવાથી અને પથરાવમાં ઘાયલ થયા છે. ઘાયલોમાં પ્રદર્શનકારીઓ, સ્થાનિક નાગરિકો અને સુરક્ષાકર્મીઓ પણ સામેલ છે. તોફાનીઓએ સરકારી અને ખાનગી મિલકતોને ભારે નુકસાન પહોંચાડ્યું છે તેમજ ડઝનબંધ વાહનો અને દુકાનોને સળગાવી દીધી છે.

# ભાવનગરમાં બેફામ થયેલા ખનીજ માફિયા સામે તંત્ર લાચાર! SP નિતેશ પાંડે મોતના સોદાગરોને પાડશે ખુલ્લા?

## ભાવનગરના નદી-નાળા અને ગ્રામીણ વિસ્તારોમાં કુદરતી સંપત્તિનું બેફામ લૂંટફાટ; ખનીજ માફિયાઓને કોનું ચાર હાથ?

ભાવનગર (વિશેષ પ્રતિનિધિ, પોલીસ ગુજરાત)

ભાવનગર જિલ્લો અને તેની આસપાસના ગ્રામીણ વિસ્તારો હાલ ખનીજ માફિયાઓના કબજામાં હોય તેમ લાગી રહ્યું છે. શેત્રુંજી નદીના પટથી લઈને છેવાડાના વિસ્તારો સુધી બેફામ બનેલા ખનીજ ચોરો દિવસ-રાત જોયા વગર કુદરતી સંપત્તિની ચોરી કરી રહ્યા છે. ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગ તેમજ સ્થાનિક પોલીસ તંત્રની આંખ સામે જ કરોડો રૂપિયાની સાબરમતી રેતી અને અન્ય ખનીજોનું ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે, છતાં પણ તંત્ર લાચાર અને મૌન પ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું છે.

આ મોતના સોદાગરો માત્ર ખનીજની ચોરી નથી કરી રહ્યા, પરંતુ ઓવરલોડ ડમ્પરો અને બેફામ વાહનહંકારીને નિર્દોષ લોકોના જીવ પણ જોખમમાં મૂકી રહ્યા છે.

### ખાણ-ખનીજ વિભાગનું મૌન અને મળતિયાઓની મિલીભગત?

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ગેરકાયદે ખનનની ફરિયાદો વારંવાર ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી છે. તેમ છતાં માત્ર નામના દરોડા પાડીને કે સામાન્ય દંડ ફટકારીને સંતોષ માની લેવામાં આવે છે.

સળગતો સવાલ: કરોડો રૂપિયાનો કાળો કારોબાર ચલાવતા આ ખનીજ માફિયાઓને કોનું રાજકીય કે પ્રશાશનિક પીઠબળ મળેલું છે? શું ખાણ-ખનીજ વિભાગના અમુક અધિકારીઓની મિલીભગત વગર આટલા મોટા પાયે બ્લેક મનીનું સામ્રાજ્ય ચાલી શકે?

### રામજનો માટે નરક સમાન પરિસ્થિતિ

ગેરકાયદેસર રીતે ભરેલા ઓવરલોડ ડમ્પરો ગામડાના નાના રસ્તાઓ પરથી પુરપાટ ઝડપે પસાર થાય છે. જેના કારણે રસ્તાઓ તો સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ જ ગયા છે, પરંતુ સાથે સાથે અકસ્માતોની હારમાળા પણ સર્જાઈ રહી છે. શાળાએ જતા બાળકો, પશુપાલકો અને સ્થાનિક વાહનચાલકો દરરોજ ફાળ સાથે ઘરની બહાર નીકળવા મજબૂર બન્યા છે.

### SP નિતેશ પાંડે પાસેથી જનતાને મોટી આશા!

ભાવનગરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ મજબૂત કરવા માટે જાણીતા કડક અને નીડર IPS અધિકારી SP નિતેશ પાંડેની હાજરીથી ગુનાખોરોમાં ફફડાટ વ્યાપેલો છે. હવે જનતાની નજર જિલ્લા પોલીસ વડા SP નિતેશ પાંડે પર ટકેલી છે.

શું SP નિતેશ પાંડે ખનીજ માફિયાઓની સિન્ડિકેટને તોડી પાડશે?

શું આ મોતના સોદાગરોના નેટવર્કને ખુલ્લું પાડીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે?

શું ખાણ-ખનીજ ચોરીમાં સામેલ હપ્તાખોરો પર પોલીસની વિજીલન્સ ટીમ સર્જિકલ સ્ટ્રાઈક કરશે?

ભાવનગરની જાગૃત જનતા હવે ઈચ્છી રહી છે કે પોલીસ તંત્ર આ માફિયાઓ સામે કડકમાં કડક પાસા (PASA) અને ગુજસીટોક (GUCCTOC) જેવા કાયદાઓ હેઠળ ગુનો નોંધીને દાખલારૂપ કાર્યવાહી કરે, જેથી કુદરતી સંપત્તિની લૂંટ અટકે અને સામાન્ય માણસ સુરક્ષિત અનુભવે.

## રાત-દિવસ ચાલતા બેફામ ડમ્પર અને ગેરકાયદે ખનનથી ગ્રામજનો પરેશાન; અકસ્માત અને મોતના ભય વચ્ચે જીવવા મજબૂર

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## રાજકોટની પ્રાઇમ આંગડિયા પેઢીમાં કર્મચારીનું ગળું દબાવી-બંદૂક તાકી 20 સેકન્ડમાં 19 લાખની લૂંટ આચરાઇ

રાજકોટ

રાજકોટ શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભાવનગર રોડ પર આવેલી પટેલ વાડી સામે પ્રાઈમ એન્ટરપ્રાઈઝમાં રૂપિયા 19 લાખની લૂંટની ઘટના સામે આવી છે. જેમાં બે શખસોએ આજે(30 જુલાઈ) સવારના 10:20 વાગ્યે આંગડિયા પેઢી ખુલ્યાની 3 મિનિટમાં આંગડિયું કરવું છે કહી ઓફિસમાં ઘૂસી એક લૂંટારુએ કર્મચારીનું ગળું દબાવી અને બીજાએ બંદૂક તાકી 20 સેકન્ડમાં 19 લાખની રોકડ ભરેલો થેલો લઈ ભાગી ગયા હતા. ઉલ્લેખનીય છે કે આ સમગ્ર ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. બનાવની જાણ થતા રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ, બી ડિવિઝન પોલીસ, તેમજ ડીસીપી ક્રાઈમ અને ડીસીપી ઝોન 1 તથા LCB ઝોન 1ની અલગ અલગ ટિમોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછ અને તપાસમાં રાજકોટના પટેલ વાડીથી રોંગ સાઈડમાં બાઈકમાં સવાર થઈ બે લૂંટારુઓ પ્રાઈમ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાં પહોંચ્યા હતા. જ્યાં પહોંચી કર્મચારી અલ્કેશ દવેને પોતાને આંગડિયું કરવું છે કહી અચાનક એક શખસે બંદૂક બતાવી પેઢીમાં રહેલા રૂપિયા 19 લાખની લૂંટને અંજામ આપી નાસી છૂટ્યા છે.

## ડીંડોલીમાં મોડીરાત્રે 'ગુજસીટોક'ના આરોપી 'આંબા'ની કરપીણ હત્યા : કુખ્યાત ભૂષણ પાટીલ સહિત 4 સાગરીતો ફરાર

સુરત

સુરતના ડીંડોલી સ્થિત લક્ષ્મણનગર વિસ્તારમાં 29 જુલાઈની મોડીરાત્રે આશરે પોણા 1 વાગ્યે હિસ્ટ્રીશીટરો વચ્ચે જામી ગયેલી લોહિયાળ અદાવતમાં એક ગુનેગારનું કરપીણ મર્ડર થતાં સમગ્ર શહેરમાં સન્સનાટી મચી ગઈ છે. આ ઘટનામાં જેની હત્યા કરી દેવાઈ છે તે 32 વર્ષીય પ્રવીણ ઉર્ફે 'આંબો' આઝાદ કોળી પોતે પણ ગુનાહિત ભૂતકાળ ધરાવતો હતો. મરનાર પ્રવીણ અગાઉ રાજ્યના અતિગંભીર કાયદા 'ગુજસીટોક', આર્મ્સ એક્ટ (હથિયાર ધારા), એનડીપીએસ અને અનેક શારીરિક હુમલા જેવા સંગીન ગુનાઓમાં સંડોવાયેલો હતો. બીજી તરફ, જેને આ હત્યા કરી તે મુખ્ય આરોપી ભૂષણ પાટીલ પણ રીઢો ગુનેગાર છે. ભૂષણ પાટીલના નામે અગાઉ મર્ડર અને ખૂનની કોશિશ જેવા અનેક ભયાનક ગુનાઓ ચોપડે નોંધાયેલા છે. કાળી દુનિયાના આ બે સાગરીતો વચ્ચે અંદરોઅંદરની અદાવતે એકનો બલિ લેતાં સમગ્ર ડીંડોલી પંથકમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. ઘટનાની વિગતો અનુસાર, લક્ષ્મણનગરમાં મોડીરાત્રે જ્યારે સામાન્ય નાગરિકો શાંતિથી ઊંઘી રહ્યા હતા, ત્યારે અચાનક જ અંદરોઅંદરની અદાવતમાં આ મર્ડરને અંજામ આપવામાં આવ્યો હતો. મરનાર પ્રવીણ ઉર્ફે 'આંબો' ઘટનાસ્થળની બિલકુલ નજીક આવેલા જય અંબેનગર (જયેશનગર)નો જ રહેવાસી હતો. અચાનક બનેલી આ સનસનાટીભરી ઘટના બાદ ડીંડોલી પોલીસ કાફલો અને ઉચ્ચ અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસ અધિકારી એસીપી એન. પી. ગોહિલની સીધી દેખરેખ હેઠળ સ્થળ પર પહોંચેલી ટીમે તુરંત જ મૃતદેહનો કબજો મેળવીને ઈન્ક્વેસ્ટ પંચનામું કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

## રાજકોટનાં કોઠારિયામાં રોડ-રસ્તાના મુદ્દે મહિલાઓ રસ્તા ઉપર ઉતરી, 15 વર્ષથી 3,000 કરતા વધુ લોકો હાલાકી ભોગવતા હોવાનો આરોપ

રાજકોટ

રાજકોટનાં કોઠારિયામાં આવેલ ઋષિપ્રસાદ સોસાયટી ખાતે છેલ્લા 15 વર્ષથી રસ્તા, પાણી અને લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓની ભારે વિકટ સમસ્યા પ્રવર્તી રહી છે. સોસાયટીમાં 500 જેટલા મકાનોમાં 3000થી વધુ લોકો વસવાટ કરે છે, જેઓ દર વર્ષે નિયમિતપણે મકાનવેરો, નળવેરો અને રસ્તાનો વેરો ભરે છે. આમ છતાં, બે વર્ષ પહેલાં લાખો રૂપિયાના ખર્ચે માત્ર મોટી મેટલ (કપચી) પાથરીને અધૂરું છોડી દેવાયેલું કામ આજે ધૂળમાં ભળી ગયું છે. તંત્ર અને સ્થાનિક નેતાઓને અનેક રજૂઆતો કરવા છતાં ડામર રોડ મંજૂર નહીં થતાં અને ચોમાસામાં પાણી ભરાવાના કારણે નાના બાળકો અને રહીશો માટે ઘર બહાર નીકળવું પણ જોખમી બન્યું છે. અધિકારીઓ દ્વારા માત્ર વાયદાઓ આપવામાં આવતા હોવાથી આખરે કંટાળેલી સ્થાનિક મહિલાઓએ રસ્તા ઉપર ઉતરીને થાળી-વાટકા વગાડી તંત્રની ઉદાસીનતા સામે આક્રોશપૂર્વક વિરોધ કર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટનાં કોઠારિયા વિસ્તારમાં આવેલી ઋષિપ્રસાદ સોસાયટીમાં છેલ્લા બે વર્ષથી રસ્તાના પ્રશ્નને લઈને સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. બિસ્માર રસ્તાઓ અને તંત્રની ઉદાસીનતાથી કંટાળીને આખરે સોસાયટીની મહિલાઓ રસ્તા પર ઉતરી આવી હતી.

## ચીખલોડ ગામનો નવા ફાગવેલ તાલુકામાં સમાવેશ સામે ગ્રામજનોનો વિરોધ યથાવત

નડિયાદ

નડિયાદ જિલ્લાના નવરચિત ફાગવેલ તાલુકાની ચીખલોડ બેઠકના ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ સ્થાનિક રાજકારણ ફરી ગરમાયું છે. નવી ફાગવેલ તાલુકા પંચાયતની ચીખલોડ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સોનલબેન પરમારે ભવ્ય જીત નોંધાવી હોવા છતાં વિસ્તારમાં સામાન્ય સ્થિતિ સર્જાઈ નથી. ચૂંટણી પૂર્ણ થયા બાદ પણ ગ્રામજનોમાં અસંતોષ યથાવત રહેતા આ બેઠક ફરી એક વખત ખાલી થાય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. ચીખલોડ ગામને કપડવંજ તાલુકામાંથી અલગ કરીને નવા રચાયેલા ફાગવેલ તાલુકામાં સામેલ કરવાના નિર્ણય સામે ગ્રામજનો લાંબા સમયથી વિરોધ નોંધાવી રહ્યા છે. ગ્રામજનોનો આ વિરોધ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ શમ્યો નથી. નવી તાલુકા રચનાને લઈને સ્થાનિકોમાં હજુ પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ ઉમેદવારની જીત બાદ પણ ગ્રામજનો પોતાની જૂની માંગણીઓ પર અડગ રહ્યા છે. ચૂંટણીના પરિણામોથી અસંતોષની સ્થિતિમાં કોઈ ખાસ ફેરફાર આવ્યો નથી. જેના કારણે સ્થાનિક રાજકીય વાતાવરણ વધુ ગરમાયું છે અને આગામી દિવસોમાં આ મુદ્દે વધુ રાજકીય હલચલ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### બે દિવસ AMCના તમામ અધિકારી-કર્મચારીની રજા રદ

# ગુજરાતમાં ભારે વરસાદનું રેડ અૅલર્ટ : અમદાવાદ સહિત 9 જિલ્લામાં આવતીકાલે સ્કૂલ-કૉલેજોમાં રજા



ગાંધીનગર

31 જુલાઈથી 2 ઑગસ્ટ દરમિયાન ભારેથી અતિભારે વરસાદનું ઍલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ, વડોદરા, નવસારી, ખેડા, ડાંગ, નર્મદા, આણંદ બાદ હવે છોટા ઉદેપુર અને વલસાડમાં પણ શુક્રવારે ભારે વરસાદના ઍલર્ટના પગલે શાળા-કૉલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. આંગણવાડીથી લઈ કૉલેજ સુધીનું શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી (DEO) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ આદેશ અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારોમાં આવેલી તમામ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે. જેમાં તમામ સરકારી, અનુદાનિત (ગ્રાન્ટેડ) અને સ્વનિર્ભર (પ્રાઈવેટ) શાળાઓ, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને તમામ અધ્યાપન મંદિરો તેમજ કૉલેજો આ સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રહેશે.

અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. અત્યંત ભારે વરસાદની આગાહીના પગલે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ બે દિવસ લોકોને વર્ક ફ્રોમ હોમ કરવામાં આવે એવી અપીલ છે. લોકોને ઘરમાં રહેવા અને હવામાન વિભાગની આગાહી અને ટ્રાફિક પોલીસ અપડેટ જોતા રહેવાની રહેશે. શહેરમાંથી ભયજનક હોર્ડિંગ્સ ઉતરી લેવાયા છે. લોકોએ ઝાડ અને મોટા હોર્ડિગ્સ નીચે ઊભા ન રહેવા અપીલ છે.

હવામાન વિભાગ દ્વારા શહેરમાં ભારે વરસાદને કારણે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા આવતીકાલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, તેને ધ્યાને લઈ અમદાવાદ જિલ્લાના સમાહર્તા કલેક્ટર ભવ્ય વર્માના પરામર્શમાં રહી આવતીકાલે વિદ્યાર્થીઓની સલામતીને પ્રાથમિકતા રાખી રજા જાહેર કરવા બાબતે અમોને સૂચના આપી.


અમદાવાદ શહેરની તમામ આંગણવાડીથી લઈ સ્કૂલ, કોલેજો સુધીની તમામે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને લઈ રજા જાહેર કરવાનો નિર્ણય લીધેલો છે. અમદાવાદ શહેરની તમામ સ્કૂલઓને અમે સૂચના આપી દીધી છે કે આવતીકાલે શૈક્ષણિક કાર્ય સંદર્ભે વિદ્યાર્થીઓ સ્કૂલ કક્ષાએ આવે નહીં, કારણ કે વિદ્યાર્થીઓની સલામતી રાખવી ખૂબ અગત્યની છે.

### ટોલનાકું કે ઉઘરાણું નાકું...

## બિસ્માર હાઈવે છતાં 6352 કરોડની ટોલટેક્સ

ગાંધીનગર

ગુજરાતમાં કેટલાય ઠેકાણે નેશનલ હાઈવે અત્યંત બિસ્માર અવસ્થામાં હોવા છતાં વાહનચાલકો પાસેથી સતત ટોલટેક્સ ઉઘરાવવામાં આવી રહ્યો છે. એક તરફ ખખડધજ અને ખાડાવાળા રસ્તાઓને કારણે વાહનોને ભારે નુકસાન થઈ રહ્યું છે અને સામાન્ય જનતાની કમર તૂટી રહી છે, તો બીજી તરફ વહીવટીતંત્ર દ્વારા કોઈ પણ રાહત આપ્યા વિના લોકોના ખિસ્સા ખાલી કરવામાં આવી રહ્યા છે. આમ, વાહનચાલકો અત્યારે બેવડો માર સહન કરી રહ્યા છે. ચોંકાવનારી વિગત એ છે કે છેલ્લાં એક જ વર્ષમાં વાહનચાલકો પાસેથી કુલ મળીને રૂ. 6,352 કરોડ ટોલટેક્સના નામે ઉઘરાવવામાં આવ્યા છે. સરકારી આંકડાઓ અનુસાર, છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં ટોલટેક્સ પેટે વાહનચાલકો પાસેથી કુલ મળીને રૂ. 24,813 કરોડ જેટલી




માતબર રકમ વસૂલવામાં આવી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે હાઈવેના નિર્માણ પાછળ થયેલા કુલ ખર્ચ કરતાં પણ વધુ રકમ ટોલટેક્સ દ્વારા વસૂલ કરી લેવામાં આવી છે. આ ઉપરાંત, નિયમ મુજબ ફાસ્ટેગ ન ધરાવતા અથવા ટેકનિકલ ખામીવાળા વાહનચાલકો પાસેથી દંડ પેટે પણ રૂ. 78.58 કરોડ ખંખેરી લેવામાં આવ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસામાં ભારે વરસાદ વરસી રહ્યો છે, જેના પરિણામે રાજ્યના શહેરો, જિલ્લા માર્ગો અને મુખ્ય હાઈવે ધોવાઈ ગયા છે. રસ્તાઓની આ દુર્દશા અને ઠેર-ઠેર પડેલા ખાડાઓને કારણે વાહનચાલકો ભારે હેરાનગતિ ભોગવી રહ્યા છે. હાઈવે ઓથોરિટીની આ ઘોર બેદરકારીને કારણે સરકાર પર ચારેકોરથી માછલાં ધોવાઈ રહ્યા છે. જનતા અને વાહનચાલકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો હોવા છતાં સરકારે આ ગંભીર મુદ્દે મોં સીવી લીધું છે. ચોમાસું તો મળતિયા કોન્ટ્રાક્ટરો માટે કમાણીની સિઝન બની ગયું છે. ચોમાસા બાદ હવે રસ્તાની મરામતના નામે ફરીથી કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવશે અને કરોડો રૂપિયાનો ખર્ચ બતાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2021માં ગુજરાતમાં હાઈવે પર 38 ટોલટેક્સ નાકા હતા, જે વધીને વર્ષ 2025-26 સુધીમાં 66 સુધી પહોંચી ગયા છે. ટોલનાકાની સંખ્યામાં આટલો મોટો વધારો થયા પછી પણ રસ્તાની હાલત બદલાઈ નથી.

## સુરત પાલિકાનાં બેરિકેડ્સ હટાવી જર્જરિત પુલ પર વાહનવ્યવહાર..!

### વરિયાવમાં ખાડી પુલનું ધોવાણ છતાં જોખમી અવરજવર, અકસ્માતની ભીતિ

સુરત

વરિયાવ-છાપરાભાઠા વિસ્તારમાં ખાડી પર આવેલા જર્જરિત કલવર્ટનું ભારે વરસાદમાં ધોવાણ થયા બાદ પાલિકા દ્વારા બેરિકેડ લગાવી વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હોવા છતાં બેરિકેડ હટાવીને ફરી જોખમી પુલ પરથી અવરજવર શરૂ કરવામાં આવી છે. જર્જરિત પુલ પરથી સવારથી સાંજ સુધી બાઈક-મોપેડ સહિતનાં વાહનો પસાર થતાં હોવાથી ગમે ત્યારે ગમખ્વાર અકસ્માત સર્જાવાની ભીતિ વચ્ચે સ્થાનિકોએ પુલને કાયમી ધોરણે બંધ કરવાની માંગ કરી છે. ખાસ કરીને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ પણ આ પુલનો ઉપયોગ કરતા હોવાથી વાલીઓ અને સ્થાનિકોમાં ચિંતા



ફેલાઈ છે. શહેરમાં ગત 7મી જુલાઈના રોજ પડેલા ભારે વરસાદ દરમિયાન વરિયાવ-છાપરાભાઠા વિસ્તારમાં ખાડી પર આવેલા કલવર્ટ બ્રિજનું ધોવાણ થયું હતું.

### આચારસંહિતા ભંગનો આરોપ

## વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક પર મતદાન વચ્ચે કોંગ્રેસ-ભાજપ સામ-સામે

વડોદરા

વડોદરાની 145 માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે આજે (30મી જુલાઈ) મતદાન યોજાઈ રહ્યું છે. આ બેઠક પર ભાજપના ઉમેદવાર સતેન્દ્ર (સતીશ) પટેલ અને કોંગ્રેસના ઉમેદવાર ભીખા રબારી વચ્ચે સીધી ટક્કર છે. પરંતુ મતદાનની વચ્ચે જ આચારસંહિતાના ભંગના મુદ્દે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો આમને-સામને આવી જતાં રાજકીય માહોલ ગરમાયો છે.



મતદાન દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયો છે, જેમાં ભાજપના ધારાસભ્ય અને કાર્યકરો ઢોલ-નગારાના તાલે તેમજ પક્ષના ચિહ્નવાળા ખેસ પહેરીને મતદારોને અપીલ કરતા નજરે પડે છે. કોંગ્રેસનો આરોપ છે કે મતદાનના દિવસે પક્ષના પ્રતીકો સાથે પ્રચાર કરવો અને મતદારોને પ્રભાવિત કરવા એ ચૂંટણી નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આ મામલે કોંગ્રેસે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીઓ સમક્ષ વિધિવત ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

બીજી તરફ, કોંગ્રેસના કાર્યકરો સામે પણ આચારસંહિતા ભંગના આક્ષેપો ઊઠ્યા છે. વોર્ડ નંબર 16ના એક મતદાન મથક પર કોંગ્રેસના કાર્યકરો પક્ષના ચિહ્નવાળા ખેસ પહેરીને હાજર હોવાનું સામે આવ્યું હતું. ભાજપના કાર્યકરોએ આ સામે ભારે વિરોધ નોંધાવતાં બંને પક્ષના કાર્યકરો વચ્ચે મતદાન મથક બહાર જ ઉગ્ર બોલાચાલી અને તું-તું મેં-મેં થઈ હતી.

કોંગ્રેસના કાર્યકરોએ બચાવ કરતા જણાવ્યું હતું કે, 'ભાજપના લોકો ઢોલ-નગારા સાથે પ્રચાર કરે છે તે તંત્રને દેખાતું નથી અને માત્ર કોંગ્રેસના કાર્યકરોને જ લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે.' પેટા ચૂંટણી દરમિયાન બંને પક્ષો દ્વારા એકબીજા પર આક્ષેપ-પ્રત્યાક્ષેપ ચાલુ રહેતાં સમગ્ર માંજલપુર પંથકમાં ભારે રાજકીય ચર્ચા જાગી છે.

### કારેલીબાગમાં વુડા ભવનમાં

## છઠ્ઠા માળે નગરપાલિકાઓની કચેરીમાં રહસ્યમય સંજોગોમાં ભીષણ આગ લાગી

### પાલિકાના વહીવટી દસ્તાવેજો રાખતી આ ઓફિસમાં વાયરિંગ અને ફર્નિચર પણ બળીને ખાખ થઈ ગયું હતું, ફાયર બ્રિગેડે 2 કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો..!

વડોદરા

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલી વુડા ઓફિસમાં ગઈકાલે રાત્રે છઠ્ઠા માટે લાગેલી ભીષણ આગને પગલે મારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

કારીબાગ વુડા કચેરીના છઠ્ઠા માળે નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરની કચેરી આવેલી છે. એમાં નગરપાલિકાઓને લગતો વહીવટ અને મહત્વના દસ્તાવેજો રાખવામાં આવતા હોય છે.

ગઈકાલે રાત્રે ઉપરોક્ત ઓફિસમાં એકાએક આગ લાગતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. આ વખતે વાયરીંગ, ફર્નિચર અને મહત્વના દસ્તાવેજો આગમાં લપેટાઈ ચૂક્યા હતા. જેથી આગને કાબુમાં લેતા બે કલાકથી વધુ સમય લાગ્યો હતો. ઓફિસમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, જેથી આગનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ દ્વારા ફોરેન્સિક નિષ્ણાતોની મદદ લેવામાં આવી છે.

## વડોદરામાં બે મહિનામાં ગાંજાના એક ડઝનથી વધુ કેસ, નવા યાર્ડમાં ગાંજા સાથે ખેપિયો પકડાયો

વડોદરા

વડોદરા શહેર પોલીસ દ્વારા તમામ પોલીસ સ્ટેશનનોને ડ્રગ્સની કામગીરી સોંપાયા બાદ નાર્કોટિક્સના કેસો સતત નોંધાઈ રહ્યા છે અને નશીલા દ્રવ્યોની હેરાફેરી કરતા તત્વો તેમજ બંધાણીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. નવા યાર્ડ વિસ્તારમાં પોલીસે એક શખ્સને ગાંજા સાથે ઝડપી પાડવાનો વધુ એક બન્યો છે. પોલીસે રોશનનગરમાં રહેતા શાને મોહમ્મદ નબજુલખાન પઠાણને ઝડપી પાડી તેની પાસેથી 10 ગ્રામ જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે મોબાઈલ અને અન્ય રોકડ મળી કુલ રૂ.6 હજાર ઉપરાંતની મતા કબજે કરી છે. પૂછપરછ દરમિયાન ગાંજાનો જથ્થો ગોરવાના મુનાવર પાસેથી મેળવ્યો હોવાની વિગતો ખુલતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

## રાજ્ય સરકારનો નિર્ણય : મહેસૂલ વિભાગ હસ્તક વર્ગ-3ના કર્મચારીઓની આંતરિક બદલી હવે કલેક્ટર કરી કરશે

### કલેક્ટર દ્વારા બદલી કરતી વખતે સંબંધિત જિલ્લા કક્ષાના વિભાગીય અધિકારી સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે, જેથી કચેરીઓની રોજબરોજની કામગીરી ખોરવાય નહીં

ગાંધીનગર

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ હસ્તકના ખાતાના વડાઓની કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા પૂરતી આંતરિક બદલી કરવાની સત્તાઓ હવે સીધી સંબંધિત જિલ્લા કલેક્ટરને પણ સોંપવામાં આવી છે. જ્યારે, જે તે ખાતાના વડાની બદલીઓ અંગેની મૂળ સત્તા યથાવત રહેશે.

રાજ્યમાં જિલ્લા કક્ષાએ મહેસૂલી તંત્રનું સંપૂર્ણ દેખરેખ અને સંકલન કલેક્ટરઓ દ્વારા કરવામાં આવતું હોય છે. ઘણીવાર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં સ્થાનિક કક્ષાએ કર્મચારીઓની બદલી કરવાની પર્યાપ્ત સત્તા ન હોવાથી અરજદારોના કામો લંબાતા હતા.

હવે રાજ્ય સરકારે કલેક્ટર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં બદલીની સત્તાઓ સોંપતો નિર્ણય કર્યો છે.

અગાઉ કલેક્ટરને નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટીઓની બદલી કરવાની સત્તા હતી. હવે આ નિર્ણયના પરિણામે કલેક્ટરઓ મહેસૂલ વિભાગના અન્ય ખાતાના વડાઓની જિલ્લા તથા તાલુકા કચેરીઓમાં કાર્યરત વર્ગ-3ના કર્મચારીઓ જેવા કે, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-1, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-2, સિનિયર સર્વેયર, સર્વેયર અને કારકૂન વગેરેની જિલ્લા પૂરતી બદલી કરી શકશે.

આ બદલીઓ જે તે ખાતાના વડાના મહેકમ પૂરતી જ સીમિત રહેશે. દા.ત. સેટલમેન્ટ કમિશનર તાબા હેઠળના સર્વેયરની બદલી તેમની જ કચેરીમાં થશે, નોંધણી સર નિરીક્ષક કે સ્ટેમ્પ ડ્યુટી કચેરીમાં કરી શકાશે નહીં.

કલેક્ટર દ્વારા બદલી કરતી વખતે સંબંધિત જિલ્લા કક્ષાના વિભાગીય અધિકારી સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે, જેથી કચેરીઓની રોજબરોજની કામગીરી ખોરવાય નહીં. આ બદલીઓ કરતી વખતે સામાન્ય વહીવટ વિભાગ તથા મહેસૂલ વિભાગના પ્રવર્તમાન બદલી નિયમો અને માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

પાક્કો ગુજરાત
શુક્રવાર | 31 જુલાઈ 2026 | અમદાવાદ

### 5.11 લાખના મુદ્દામાલ સાથે 16 શખ્સો ઝડપાયા

# ભાયાવદરના પડવલા ગામે રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ ઉપર પોલીસનો દરોડો...!



રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના ભાયાવદર પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી સફળતા મેળવીને પડવલા ગામે ચાલતા જુગારધામ પર દરોડો પાડી ૧૬ જુગારીઓને ઝડપી લીધા છે. રાજકોટ રેન્જ આઈજી નિલિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર દ્વારા પ્રોહીબીશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા કડક સુચના અન્વયે આ સમગ્ર કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરોડાની કામગીરી મદદનીશ પોલીસ અધીક્ષક ધોરાજી વિભાગના સિમરન ભારદ્વાજના સીધા માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.જાડેજાની ટીમ દ્વારા કરવામાં આવી હતી. ભાયાવદર પોલીસ સ્ટેશનના એએસઆઈ શક્તિસિંહ જાડેજા, પો.કોન્સ સત્યપાલસિંહ જાડેજા તથા અજયભાઈ સોરઠીયાને સંયુક્તમાં ખાનગી રાહે બાતમી મળી હતી કે પડવલા ગામે રહેતા વિનુભાઈ ચતુરનાથ પરમારના રહેણાંક મકાનમાં જુગાર રમે છે તેના આધારે રેડ કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન મકાનમાં ગંજીપતાના પાના વગેરે જુગારના સાહિત્ય વડે જુગાર રમી રહેલા કુલ ૧૬ આરોપીઓને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ ૧,૨૫,૧૩૦ તથા મોબાઈલ ફોન ૧૧ નંગ કિંમત રૂ.૧.૩૬.૦૦૦ તથા મોટર સાયકલ ૪ કિંમત રૂ.૨.૫૦.૦૦૦ તથા જુગારને લગતું સાહિત્ય મળી કુલ રૂપિયા ૫.૧૧.૧૩૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં ભાયાવદરના ઈન્ચાર્જ પીઆઈ એ.બી.જાડેજા સાથે એ.એસ.આઈ. ધરમચંદ કટોચ, શક્તિસિંહ જાડેજા, અરૂણભાઈ ખટાણા, હેડ.કોન્સ સુરેશભાઈ ભરવાડ, સત્યપાલસિંહ જાડેજા, અજયભાઈ સોરઠીયા અને મહેશભાઈ ગમારા જોડાયા હતા.

### "બંધ આંગણવાડીના ઓટલે બાળકોનું અનાજ ફેંક્યું!

## ચોમાસામાં પલળતો જથ્થો - આ છે સરકારની 'પોષણ શક્તિ'?.."

બનાસકાંઠા

ફોટામાં દેખાઈ રહેલા દ્રશ્યો શરમજનક છે. બંધ આંગણવાડીના દરવાજા સામે આંગણવાડીનો જથ્થો ખુલ્લામાં ફેંકી દેવાયો છે. ચોમાસુ ચાલી રહ્યું છે અને કટ્ટા વરસાદમાં પલળી રહ્યા છે.

આ કટ્ટામાં માતૃ શક્તિ, બાલ શક્તિ, પૂર્ણ શક્તિ અને ઘઉં/આટાના કટ્ટા છે - એટલે કે બાળકો અને સગર્ભા માતાઓનો નાસ્તો. વરસાદ, ભેજ અને જીવજંતુ-ઝેરી કીટકો કટ્ટા કાતરીને અંદર પેસી જાય તો તેનું ઝેર સીધું બાળકોના પેટમાં જશે.તંત્રને પૂછવાના 7 મજબૂત સવાલો:* 1. જવાબદારી કોની? આંગણવાડી બંધ હોય તો જથ્થો ઓટલે ફેંકી દેવાનો કોન્ટ્રાક્ટરને કોણે અધિકાર આપ્યો? સુપરવાઇઝર અને CDPO ની જવાબદારી સામે સવાલો? 2.



સ્વાસ્થ્ય સાથે ખિલવાડ? વરસાદમાં પલળેલા અને જીવજંતુવાળા અનાજથી બાળકો બીમાર પડે તો તેની જવાબદારી કોની? શું આ બાળકોના સ્વાસ્થ્ય સાથે છેડછાડ નથી? 3. કોન્ટ્રાક્ટરની મનમાની કેમ? નિયમ મુજબ જથ્થો આંગણવાડી કાર્યકરને રજીસ્ટરમાં સહી કરાવીને જ આપવાનો હોય. તો આ બેદરકારી પાછળ કોન્ટ્રાક્ટરનું કૌભાંડ છે કે તંત્રની મિલીભગત? ડીસાનો કોણ છે કૌભાંડી? ક્યાં સુધી નું સેટિંગ ચાલે છે અગાઉ સતલાસણા, અંધારિયા પાસેથી બાળકોનાં હક નુ બારોબાર જતું પકડાઈ ચુક્યું હતું.

### માલવણ ગ્રામ પંચાયતના સરપંચ બરતરફ કરાયા

## નાણાકીય ગેરરીતિ અને સત્તાના દુરુપયોગ બદલ જિલ્લા વિકાસ અધિકારીનો કડક આદેશ

મહીસાગર, કાનજી ધામોત

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાની માલવણ ગ્રુપ ગ્રામ પંચાયતમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને નાણાકીય અનિયમિતતાને ગેરરીતીઓ ને પુર્વેમંજુરી વગર સહકારી બેકમાં ખાતું પંચાયતનુ ખોલાવા તથા સરપંચે તેના પતિ ના નામે પંચાયત ના ચેક ઈસયુ કરીને સગાવાદ આચરી ને વિકાસ કામમાં ગેરરીતી ઓના મુદધે મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીએ કડક કાર્યેવાહી કરી છે. પંચાયતના સરપંચ જોશનાબેન કિરણકુમાર સોલંકી વિરુદ્ધ થયેલી ફરિયાદો અને કડાણા તાલુકાવિકાસ અધિકારી ના તપાસ એહવાલ અને નિમેલતપાસ સમિતિના અહેવાલને આધારે માલવણ જુથ ગામપંચાયત ના સરપંચ જયોતસનાબેન કિરણકુમાર સોલંકી ને, તાત્કાલિક



અસરથી સરપંચનાહોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

માલવણ ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ જોશનાબેન કિરણકુમાર સોલંકી સામેની તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, સરપંચે સત્તાવાર મંજૂરી મેળવ્યા વિના ખાનગી કો-ઓપરેટિવ બેંકમાં પંચાયતનું ખાતું ખોલાવ્યું હતું. આ ઉપરાંત, પંચાયતની વિવિધ ગ્રાન્ટો જેવી કે સીસી રોડ અને વોટર વર્ક્સના કામોમાં ટેકનિકલ કે વહીવટી મંજૂરી મેળવ્યા વગર જ નાણાંનો વ્યય કરવામાં આવ્યો હતો.

સૌથી ગંભીર બાબત એ હતી કે, સરપંચે પોતાના પતિ કિરણકુમાર સોલંકીના નામે રૂ. એક લાખનો ચેક લખી પંચાયતના નાણાંનો અંગત સ્વાર્થ માટે સીધો આર્થિક લાભ કરાવ્યો હતો, જે પંચાયત ધારાની જોગવાઈઓનો સરેઆમ ભંગ છે.

મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થે ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને સરપંચને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ આપ્યો છે.

## ઈલોરાપાર્ક ખાતે 'માનવ સેવા ફાઉન્ડેશન' દ્વારા જરૂરિયાતમંદ વિધવા બહેનોને અનાજ કીટનું વિતરણ કરાયું

વડોદરા

સામાજિક ઉત્તરાદાયિત્વ અને માનવતાના કાર્યને આગળ ધપાવતા વડોદરાના ઈલોરાપાર્ક વિસ્તારમાં આવેલ આત્મજ્યોતિ આશ્રમ સામે 'માનવ સેવા ફાઉન્ડેશન' દ્વારા એક સરાહનીય સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સિનિયર સિટીઝન ગ્રુપના સદસ્ય શ્રી ઘનશ્યામભાઈ રાવ દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર, 'માનવ સેવા ફાઉન્ડેશન'ના ટ્રસ્ટીઓ દ્વારા આજના દિવસે વિસ્તારની જરૂરિયાતમંદ વિધવા બહેનોને મદદરૂપ થવાના આશયથી ૨૫ અનાજની કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીઓએ સેવા કાર્ય અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ સેવા યજ્ઞ માત્ર એક વખત પૂરતો સીમિત નહીં રહે. હવે પછી પણ દર ત્રણ માસે નિયમિતપણે આવી જ રીતે જરૂરિયાતમંદ વિધવા બહેનોને અનાજની કીટ આપવાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવશે, જેથી તેમને આર્થિક ટેકો મળી રહે. સ્થાનિક સિનિયર સિટીઝન મંડળ અને દાનવીરોના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ સંસ્થાના આ માનવતાવાદી કાર્યને બિરદાવ્યું હતું.

### રાણપુર તાલુકાના કનારા-નાગનેશ વચ્ચે

## રોડ પર સુપર કેરી ગાડીના સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા ગાડી પલ્ટી ગઈ

### બાળકો સહિત 10થી 15 લોકો ઇજાગ્રસ્ત થયા ,પોલીસ કાફલો અને 108ની ઘટના સ્થળે દોડી આવી ઈજાગ્રસ્તો હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના કનારા-નાગનેશ વચ્ચે રોડ પર કેરી ગાડીના ચાલકે સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા પલટી બાળકો સહીત 10 થી 15 મુસાફરો ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.આ ઘટનાની જાણ થતા રાણપુર પોલીસ,108 એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તમામ ઈજાગ્રસ્તોને રાણપુર ની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.આ સુપર કેરી ગાડી ભીમડાદ ગામેથી અરણેજ તરફ જઈ રહેલી સુપર કેરી ગાડી નું રાણપુર ના કનારા અને નાગનેશ ગામ વચ્ચે ગાડીના ચાલકે સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા ગાડી પલ્ટી ગઈ અને અકસ્માતનો ભોગ બની હતી. પ્રાથમિક માહિતી



અનુસાર ગાડીના ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી સંતુલન ગુમાવતાં ગાડી પલટી મારી ગઈ હતી.ગાડીમાં 10 થી 15 મુસાફરો સવાર હતા,જેમાં બાળકો સહીત 10 થી 15 લોકો ગાડીમાં હતા અને તમામને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.તમામ ઈજાગ્રસ્તો ને રાણપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને વધુ ઈજાગ્રસ્ત દર્દીઓને વધુ સારવાર અર્થે 108 એમ્બ્યુલન્સ મારફતે બોટાદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.અકસ્માતની ઘટનાની જાણ થતાં લોકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા.આ સમગ્ર અકસ્માતની ઘટનાને લઈને રાણપુર પોલીસે તપાસ હાથ ધરી છે.

### કલેક્ટર ડૉ. અનિલ ધામેલીયાની નાગરિકોને અપીલ

## વડોદરામાં અતિભારે વરસાદની રેડ એલર્ટ આગાહી : આજે તમામ શાળા-કોલેજોમાં રજા

વડોદરા

હવામાન વિભાગ દ્વારા વડોદરા શહેર અને સમગ્ર જિલ્લામાં આગામી સમયમાં ભારેથી અતિભારે વરસાદની કરવામાં આવેલી આગાહીને પગલે જિલ્લા તંત્ર હરકતમાં આવ્યું છે. વિદ્યાર્થીઓ અને નાગરિકોની સલામતીને પ્રાથમિકતા આપતા જિલ્લા કલેક્ટર ડૉ. અનિલ ધામેલીયા દ્વારા મહત્વપૂર્ણ નિર્ણયો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આવતીકાલે તા. 31 જુલાઈ 2026, શુક્રવારના રોજ વડોદરા શહેર તેમજ તમામ તાલુકાઓમાં શૈક્ષણિક કામગીરી બંધ રાખવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. આ આદેશ હેઠળ નીચે મુજબની શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે:

તમામ આંગણવાડીઓ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ આઈ.ટી. આઈ. (ITI) સંસ્થાઓ શહેર અને જિલ્લાની તમામ સરકારી તથા ખાનગી કોલેજો નાગરિકોની સુરક્ષા માટે કલેક્ટરની ખાસ અપીલ. વરસાદની ગંભીર પરિસ્થિતિ અને પૂરના જોખમને ધ્યાને રાખી જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા નાગરિકો માટે મહત્વની સાવચેતીની સૂચનાઓ કરવામાં આવી છે.

બિનજરૂરી બહાર ન નીકળવું: નાગરિકોને અત્યંત જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળવા અને સુરક્ષિત સ્થળે જ રહેવા જણાવવામાં આવ્યું છે. જળભરાવ અને નદી-નાળાથી દૂર રહેવું: ઉભરાતા નદી-નાળા, કોઝવે કે નીચાણવાળા વિસ્તારોમાંથી પસાર થવાનું સાહસ ન કરવું.

માછીમારી પ્રવૃત્તિ પર પ્રતિબંધ: નદી, તળાવ કે જળાશયોના કિનારે ન જવું અને માછીમારીની તમામ પ્રવૃત્તિઓ બંધ રાખવી.

સુરક્ષિત સ્થળે સ્થળાંતર: જર્જરિત મકાનોમાં કે અત્યંત જોખમી નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે અથવા તંત્ર દ્વારા નિયત કરાયેલા આશ્રયસ્થાનોમાં સ્થળાંતર કરવા વિનંતી કરાઈ છે.

આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અલર્ટ મોડ પર વરસાદી માહોલને પહોંચી વળવા માટે જિલ્લાનું આપત્તિ વ્યવસ્થાપન (Disaster Management) તંત્ર અને રાહત-બચાવ ટુકડીઓ હાઈ અલર્ટ પર રાખવામાં આવી છે. કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં નાગરિકોની મદદ માટે જિલ્લા કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે.

નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને તંત્ર દ્વારા આપવામાં આવતી અધિકૃત સૂચનાઓનું જ પાલન કરવા જણાવાયું છે.

### તાત્કાલિક સર્વે કરી વળતર આપવા માંગ

## સુઈગામ તાલુકામાં ત્રણ દિવસના ભારે વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન થયું

વાવ થરાદ, ત્રિકમ ઠાકોર

સુઈગામ તાલુકામાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન પડેલા અતિભારે વરસાદના કારણે ખેડૂતોને વ્યાપક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સતત વરસાદને કારણે અનેક ગામોના ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જેના પરિણામે કપાસ, બાજરી, મગફળી, જુવાર, એરંડા સહિતના પાકોને ભારે નુકસાન થયું છે. અનેક જગ્યાએ જમીન ધોવાઈ જતાં ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું છે.

પશુપાલન માટે વાવેલો ઘાસચારો પણ ભારે વરસાદના કારણે નાશ પામ્યો છે. ખેતરોમાં



લાંબા સમય સુધી પાણી ભરાયેલા રહેતાં પાક નિષ્ફળ જવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. વરસાદ બંધ થયા બાદ પણ અનેક ગામોમાંથી પાણી હજુ ઓસર્યું નથી, જેના કારણે નુકસાનનું પ્રમાણ સતત વધી રહ્યું છે.

મોરવાડા ગામના એક ખેડૂતે જણાવ્યું હતું કે તેમને અંદાજે 2.50 લાખ જેટલું નુકસાન થયું છે. આવી જ સ્થિતિ તાલુકાના અન્ય અનેક ગામોમાં પણ જોવા મળી રહી છે, જ્યાં ખેડૂતો ભારે આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે સુઈગામનો સરહદી વિસ્તાર વર્ષોથી કુદરતી આફતોનો ભોગ બની રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં આજે પણ કેનાલનું પાણી નિયમિત રીતે પહોંચતું નથી અને વારંવાર કેનાલોમાં ગાબડા પડવાના કારણે સિંચાઈ વ્યવસ્થા ખોરવાઈ જાય છે, જેના કારણે ખેડૂતોને સતત નુકસાન ભોગવવું પડે છે. ઉલ્લેખનીય છે કે અગાઉના વર્ષોમાં પણ સુઈગામ તાલુકાના અનેક ગામોએ કુદરતી આફતોનો સામનો કર્યો હતો. વારંવાર આવતી આવી હોનારતોમાં સૌથી વધુ નુકસાન ખેડૂતોને જ સહન કરવું પડે છે. ખેડૂતોને 'જગતનો તાત' કહેવાય છે, પરંતુ સતત નુકસાનના કારણે તેમની આર્થિક સ્થિતિ નબળી બનતી જઈ રહી છે. ખેડૂતોએ રાજ્ય સરકારને અપીલ કરી છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વે હાથ ધરી પાક અને જમીનના નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવે તેમજ યોગ્ય વળતર ચૂકવી ખેડૂતોને આર્થિક રાહત આપવામાં આવે.

## વલસાડ જિલ્લામાં પૂરની તારાજી બાદ ધરતીપુત્રોની ખુમારી : ફરી રોપણી શરૂ કરી

### 24 જુલાઈએ ખેડૂતોના ડાંગરના પાકને ભારે નુકસાન થયું હતું

વલસાડ

વલસાડ જિલ્લામાં ગત તા.23 અને 24 જુલાઈએ જળહોનારત સર્જાઇ ગઇ હતી. તારાજગીના દ્રશ્યો વચ્ચે જિલ્લાના ખેડૂતોની ભારે મહેનત પાણીમાં જતા ચિંતિત બન્યા હતા. ખેતરમાંથી પાણી ઓસર્યા બાદ કુદરત પર ભરોસો રાખી અને હિમ્મત હાર્યા વિના ફેર રોપણીની કામગીરી શરૂ કરી સારા પાકની આશા વ્યક્ત કરી છે. વલસાડ જિલ્લામાં ચાલું વર્ષે ચોમાસું અપેક્ષા કરતા ભારે વિલંબ બાદ શરૂ થયું હતું. આકાશી ખેતી પર નભતા ખેડૂતો વરસાદના વિલંબને કારણે પાકને લઇ ચિંતિત બન્યા હતા. મેઘરાજાએ મહેર વરસાવતા અને ખેતીલાયક વરસાદ પડતા ખેડૂતોએ ડાંગરના પાકની રોપણી કરી દીધી હતી. જિલ્લાના ખેડૂતોએ વર્ષભરની આજીવિકા મેળવવા કરેલી ભારે મહેનત પર મેઘરાજાએ પાણી ફેરવી દીધું હતું. વલસાડ જિલ્લામાં મેઘરાજાએ તોફાની રમત રમતા જ સતત બે દિવસ સુધી સર્જાયેલી જળહોનારતે જિલ્લામાં તબાહી મચાવી દીધી હતી. જિલ્લાના છેવાડાના ઉમરગામ તાલુકામાં તો બે દિવસમાં જ રેકોર્ડબ્રેક ૫૨ ઈંચ વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું હતું. લોકોના જાનમાલને તો ભારે નુકશાન થયુ પણ અનેક ગરીબ પરિવારો ઘરવિહોણા બની ગયા છે. ઘોડાપુરને કારણે ધરતીપુત્રો પણ બચી શક્યા નથી. પૂરના પાણી ખેતરોમાં તળાવરૂપે ફેરવાઇ જતા ખાસ કરીને ડાંગરનો પાક પાણીમાં ધોવાયો હતો. પાણી ઉતરી ગયા બાદ આટલી મોટી કુદરતી આફત અને આર્થિક પાયમાલી છતાં જિલ્લાના ખેડૂતોએ હિંમત હારી નથી.

## 5 રૂપિયાના બિસ્કિટ પર ગેરંટી, તો કરોડોના રસ્તા પર કેમ ચોરી? 'QR કોડ' બોર્ડ મૂકો, ભ્રષ્ટાચારીઓનો પર્દાફાશ કરો!

ગાંધીનગર

જ્યારે એક સામાન્ય નાગરિક દુકાનેથી માત્ર ૫ રૂપિયાનું બિસ્કિટનું પેકેટ ખરીદે છે, ત્યારે પણ તેના ૫ ર મેન્યુફેક્ચરિંગ તારીખ, એક્સપાયરી તારીખ, વજન અને કંપનીનું નામ-સરનામું જેવી તમામ વિગતો લખેલી હોય છે. પરંતુ કરોડો રૂપિયાના ટેક્સના પૈસાથી બનતા રસ્તાઓ પર કોઈ ગેરંટી કે વિગતો કેમ નથી હોતી? પહેલા જ વરસાદમાં ધોવાઈ જતા અને ભ્રષ્ટાચારના ખાડામાં ગરકાવ થઈ જતા રસ્તાઓ અંગે જનતા ક્યાં સુધી મૌન રહેશે?

સામાન્ય નાગરિકના પરસેવાના કમાયેલા પૈસાથી બનતા રસ્તાઓની ગુણવત્તા પર પારદર્શિતા લાવવા માટે હવે એક જાગૃત અને કડક અવાજ ઉઠ્યો છે: દરેક નવા રસ્તા પર ડિજિટલ સાઈનબોર્ડ અથવા QR કોડ ફરજિયાત બનાવો! પ્રજાનો પૈસો ક્યાં અને કેવી રીતે ખર્ચાઈ રહ્યો છે તે જાણવાનો અધિકાર બંધારણે દેશના દરેક નાગરિકને આપ્યો છે. જો સિસ્ટમમાં પારદર્શિતા લાવવી હોય તો દરેક નિર્માણ પામતા કે નવા બનેલા રસ્તા પર એક સ્પષ્ટ બોર્ડ અથવા સ્કેન કરી શકાય તેવો QR કોડ હોવો જોઈએ, જેમાં આ વિગતો જાહેર કરવી જોઈએ: ૧. કોન્ટ્રાક્ટરનું નામ: રસ્તો બનાવનાર કોન્ટ્રાક્ટર અને તેની એજન્સીની પૂરી વિગત. ૨. એન્જિનિયરની વિગતો: કામની ગુણવત્તા પાસ કરનાર જવાબદાર સરકારી એન્જિનિયરનું નામ અને સંપર્ક. ૩. નેતા અને અધિકારીઓ: પ્રોજેક્ટને મંજૂરી આપનાર સંબંધિત મંત્રી અને ઉચ્ચ અધિકારીઓના નામ. ૪. પ્રોજેક્ટનો કુલ ખર્ચ: પ્રજાના ટેક્સમાંથી આ રસ્તા પાછળ કેટલા કરોડો રૂપિયા ખર્ચાયા. ૫. સમયમર્યાદા અને ગેરંટી: કામ પૂરું થવાની તારીખ અને રસ્તો કેટલા વર્ષ સુધી ટકવો જોઈએ તેની ગેરંટી પીરિયડ.

### પાક્કો ગુજરાતનો સીધો સવાલ: સિસ્ટમ કેમ ડરે છે?

જો સરકાર અને તંત્રનો દાવો હોય કે તેઓ પારદર્શક વહીવટ આપી રહ્યા છે, તો રસ્તાઓ પર કોન્ટ્રાક્ટર અને ખર્ચના નામ જાહેર કરવામાં પેટમાં તેલ શા માટે રેડાય છે? ૫ રૂપિયાની વસ્તુ બનાવનાર કંપની જો જવાબદારી લઈ શકતી હોય, તો કરોડોના કોન્ટ્રાક્ટ લેનારા અને પ્રજાના ટેક્સ પર નભનારા અધિકારીઓ પોતાની જવાબદારીમાંથી કેમ ભાગી શકે? હવે સમય આવી ગયો છે કે જનતા જાગૃત થાય અને પોતાના હકની કમાણીનો હિસાબ માંગે. જ્યાં સુધી રસ્તાઓ પર QR કોડ અને વિગતોવાળા સાઈનબોર્ડ ફરજિયાત નહીં થાય, ત્યાં સુધી ભ્રષ્ટાચારના ખાડા પૂરાવાના નથી!

## નર્મદાના સાગબારામાં જંગલ જમીન ખેડાણ મુદ્દે વિવાદ ગરમાયો, વન વિભાગ અને ગ્રામજનો આમને-સામને!

નર્મદા


નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં જંગલની જમીન પરના ખેડાણના મુદ્દે ફરી એકવાર વન વિભાગ અને સ્થાનિક ગ્રામજનો વચ્ચે તણાવપૂર્ણ માહોલ સર્જાયો છે. સાગબારાના ખોપી અને હલગામ પાડી સહિતના ગામોના લોકો વર્ષોથી આ જમીન પર ખેતી કરતા હોવાનો દાવો કરીને ખેડાણ કરવા પહોંચતા પરિસ્થિતિ વણસી હતી. સાગબારા તાલુકાના ખોપી, હલગામ પાડી સહિતના વિસ્તારોમાં જંગલની જમીન પરના અધિકાર અને ખેડાણનો વિવાદ છેલ્લા ઘણાં સમયથી ચાલી રહ્યો છે. આ સંવેદનશીલ મુદ્દા પર અનેક રાજકીય પક્ષો અને સ્થાનિક આગેવાનો પણ સક્રિય થયા છે. તાજેતરમાં સાંસદના આહ્વાન બાદ, વર્ષોથી જમીન ખેડતા હોવાના દાવા સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો ખેતરોમાં ખેડાણ કરવા માટે એકઠા થયા હતા. કોઈપણ અનિચ્છનીય બનાવ કે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન વણસે તે માટે વન વિભાગ અને પોલીસ તંત્ર પહેલાથી જ સજ્જ થઈ ગયું હતું. વન વિભાગે સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દીધો હતો અને ગ્રામજનોને જમીનનું ખેડાણ કરવા દીધું નહોતું. વન વિભાગ દ્વારા ખેડાણ અટકાવવામાં આવતાં સ્થાનિક આગેવાન લીલાબેન સહિત મોટી સંખ્યામાં એકત્રિત થયેલા ગ્રામજનોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોએ વન વિભાગની કામગીરી સામે વિરોધ નોંધાવીને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા.

## તંત્રી લેખ...

# સંસદના સત્રો ખોરવાતા એક દાયકામાં પ્રજાના 3300 કરોડ વેડફાયા

સંસદનું ચોમાસું સત્ર શરૂ થયું તેને પાંચ દિવસ થઈ ગયા છતાં એકપણ દિવસ સંસદમાં કામ થયું નથી. સતત વધતા વિરોધ, વિપક્ષોની ધાંધલ અને નારેબાજીના કારણે ચોમાસુ સત્રમાં કામ થયું નથી. શુક્રવારે સવારે કામ શરૂ કરવા પ્રયાસ કરાયો પણ સ્થિતિ થાળે પડી નહીં અને સોમવાર સુધી ગૃહની કામગીરીઓ મોકુફ કરવી પડી. ભારત જેવા દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ માટે કેટલી શરમજનક બાબત છે કે, સાંસદો જ સંસદની કામગીરી ચાલવા દેતા નથી. ૧.૪૦ અબજ વસતી જે વિશ્વાસ અને આશા સાથે આ નેતાઓને પસંદ કરીને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલે છે પણ સાંસદો સાંઠગાઠ, ખરીદફરોત અને રાજકીય નાટકબીજામાંથી જ નવરા પડતા નથી અને પ્રજાના પૈસાનો વેડફાટ થાય છે અને તેમના વિશ્વાસ ઉપર ફરી એક વખત નિરાશાનું પાણી ફરી વળે છે.

લોકશાહીનો સૌથી પવિત્ર સ્તંભ એટલે દેશની સંસદ. સંસદ એવું સ્થાન છે જ્યાં ૧૪૦ કરોડ નાગરિકોના ભવિષ્ય, તેમના અધિકારો, ટેક્સના નાણાંના સદુપયોગ અને દેશ માટે નવા કાયદાઓ બનાવવા વિષયક ચર્ચાઓ અને નિર્ણય થાય છે. પરંતુ, છેલ્લાં દાયકાથી દેશની સંસદ ન્યાય અને નીતિઓના ઘડતર કરતાં વિરોધ, શોરબકોર, બેનરો દર્શાવવા, હોબાળા કરવા અને ગૃહના મોફૂકની રાજકારણનો અખાડો બની ગઈ છે. પ્રજા પોતાના પરસેવાની કમાણીમાંથી ટેક્સ ભરે છે જેથી દેશનું તંત્ર સરસ રીતે ચાલી શકે. પરંતુ જ્યારે લોકસભા અને રાજ્યસભામાં એકપણ કલાક કામ કર્યા વગર માત્ર સૂત્રોચ્ચાર અને હોબાળાને કારણે ગૃહ સ્થગિત કરી દેવામાં આવે છે, ત્યારે દર મિનિટે પ્રજાના લાખો રૂપિયા વેડફાઈ જાય છે. એક અહેવાલ પ્રમાણે છેલ્લાં એક દાયકામાં




સાંસદોના વિરોધ, તોફાનો, ધતિંગો અને રાજકીય નાટકોના પગલે સંસદ સ્થગિત થતા પ્રજાના પરસેવાની કમાણીના ૩૩૦૦ કરોડ રૂપિયાનો ધુમાડો થઈ ગયો છે.

ચિંતાની વાત એ છે કે, આ સાંસદો હવે નીતિમત્તા ભુલી ગયા છે. સત્તામાં રહેવા કે સત્તામાં આવવા ઘણા હવે પોતાની કિંમત લગાવવા માંડયા છે. ગમે ત્યારે અને ગમે તે રીતે સાંસદોને ખરીદી શકાય છે, પોતાની તરફ કરી લેવાય છે. સત્તાની સાઠમારીમાં બધું જ ચાલે છે પણ પ્રજાનું કલ્યાણ ક્યાંય કોરાણે મુકી દેવાયું છે. તેમાંય સંસદની કામગીરી દરમિયાન વિરોધ કરવાનો અને પ્રજાના પ્રશ્નોને પડતા મુકી દેવાના. દર વર્ષે કરોડો રૂપિયા સાંસદો પાછળ ખર્ચવામાં આવે છે છતાં તેનું કોઈ પરિણામ મળતું નથી. ઉલ્લેખનીય છે કે, સંસદ ભવનનું સંચાલન એ માત્ર સાંસદોના વેતન પૂરતું મર્યાદિત નથી. આ સંકુલને ચલાવવા માટે વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાઈટેક ટેકનોલોજી, સુરક્ષા વ્યવસ્થા, કર્મચારીઓના પગાર, સાંસદોના ભથ્થાં, પ્રિન્ટિંગ, વીજળી અને લોજિસ્ટિક્સ પાછળ મોટો ખર્ચ કરવામાં આવે છે. એક અહેવાલ અનુસાર સંસદના બંને ગૃહો (લોકસભા અને રાજ્યસભા) ચલાવવાનો દર મિનિટનો અંદાજિત ખર્ચ રૂપિયા ૨.૫૦ લાખ થાય છે. દર કલાકે સંસદ ચલાવવાનો ખર્ચ લગભગ રૂપિયા ૧.૫ કરોડ સુધી પહોંચે છે. તેવી જ રીતે સંસદનો સામાન્ય રીતે રોજનો સમય ૬ કલાકનો હોય છે. જો બંને ગૃહો સરખી રીતે ચાલે તો પ્રતિ દિવસનો કામગીરી ખર્ચ રૂપિયા ૮ થી ૯ કરોડ નો થાય છે. ચિંતાજનક બાબત એ છે કે, સેકન્ડ, કલાક કે દિવસ નહીં પણ આખા વર્ષમાં જેટલી સંસદ ચાલે છે તેના કલાકો ગણીઓ તો આંકડો સતત મોટો થતો જાય છે. ભારતમાં વર્ષમાં સામાન્ય રીતે ત્રણ સત્રો યોજાય છે - બજેટ સત્ર, ચોમાસુ સત્ર અને શિયાળુ સત્ર. સામાન્ય રીતે એક વર્ષમાં સંસદ આશરે ૭૦ થી ૮૦ દિવસ જ કામ કરે છે. સમગ્ર સંસદ સચિવાલય, સાંસદોના પગાર, પેન્શન, ભથ્થાં, મુસાફરી ખર્ચ અને વાર્ષિક રક્ષણ-ઈન્ફ્રાસ્ટ્રક્ચર બજેટ ઉમેરીએ તો સંસદ પાછળ દેશ વાર્ષિક કરોડોથી વધુ રકમ ખર્ચે છે. ઉલ્લેખનીય છે કે, બજેટ સત્ર એ વર્ષનું સૌથી મહત્વપૂર્ણ સત્ર હોય છે પરંતુ તાજેતરના બજેટ સત્ર દરમિયાન લોકસભામાં વિરોધ પ્રદર્શનો અને સ્થગિતતાને કારણે ૨૦ થી ૨૫ કલાક નો સમય વેડફાયો હતો. જ્યારે રાજ્યસભામાં પણ ૧૨ થી ૧૫ કલાક ની કામગીરી અટકી પડી હતી. આના પરિણામે કેવળ આ એક જ સત્રના વિરોધ પ્રદર્શનોથી દેશને રૂપિયા ૫૭ કરોડથી વધુનું નુકસાન થયું હતું. સંસદના ઈતિહાસમાં સૌથી ઓછું ઉત્પાદક બજેટ સત્ર ૨૦૧૮માં નોંધાયું હતું. તે સમયે ૨૯ બેઠકોમાંથી લોકસભા માત્ર ૩૪ કલાક ચાલી હતી અને ૧૨૭ કલાકથી વધુનો સમય હોબાળામાં વેડફાયો હતો. જેના લીધે અંદાજે રૂ. ૧૯૮ કરોડ પ્રેજાના પાણીમાં ગયા હતા. ઈતિહાસ ઉપર નજર કરીએ તો કેટલાક સત્રો એવા રહ્યા હતા જેમાં વેડફાટ સિવાય કશું જ થયું નહોતું. ૨૦૨૧માં પેગાસસ જાસૂસી કાંડ અને ખેડૂત આંદોલને સંસદ સત્રનો ભોગ લીધો હતો. આ મુદ્દાના લીધે સતત વિરોધ અને હોબાળો થતા લોકસભાની ઉત્પાદકતા માત્ર ૨૧% અને રાજ્યસભાની માત્ર ૨૮% રહી હતી. બાકીનો તમામ સમય વેડફાઈ ગયો હતો. જાણકારોના મતે બંને ગૃહોના મળીને આશરે ૧૫૦થી વધુ કલાક વેડફાયા હતા. આ એક જ સત્રમાં ટેક્સપેયર્સના આશરે રૂ. ૧૩૩ કરોડ નું આર્થિક નુકસાન થયું હતું.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# 80 કિલો વજન ઉંચકીને ચાલીને કાવડયાત્રીઓ આખા વિશ્વનું ધ્યાન ખેંચે છે

## ઉત્તર ભારતમાં શ્રાવણ માસ શરૂ થતાં 3 કરોડથી વધુ શ્રદ્ધાળુઓ કાવડ યાત્રાનો પ્રારંભ કરશે. હર હર મહાદેવના નારા સાથે શિવભક્તો પવિત્ર ગંગાજળ ભરી, 80 કિલો જેટલું વજન ઊંચકી, પગપાળા પોતાના ગામના શિવ મંદિરે અભિષેક કરવા નીકળશે. યોગી સરકારે યાત્રાળુઓ માટે વિશેષ વ્યવસ્થા કરી છે.

ઉત્તર ભારતમાં આજથી શ્રાવણ માસ શરૂ થઈ રહ્યો છે, જ્યારે આપણે ત્યાં પંદર દિવસ પછી એટલે કે ૧૩ ઓગસ્ટથી શરૂ થશે. એક જ દેશમાં જુદી જુદી તારીખે ઉજવાતા શ્રાવણ માસ પાછળનું કારણ પૂનમ અને બેસતો મહિનો છે. કલેન્ડર પ્રણાલી અનુસાર ઉત્તર ભારત સહિત કેટલાક રાજ્યોમાં પૂનમથી નવો મહિનો ગણાય છે, જ્યારે કેટલાક રાજ્યોમાં અમાસ-બેસતા મહિનાથી નવો મહિનો ગણાય છે.

ઉત્તર ભારતમાં શ્રાવણ માસમાં કાવડ યાત્રાનું વિશેષ મહત્વ છે. સૌથી મોટી ધામક યાત્રાઓમાંની એક ગણાતી કાવડ યાત્રામાં ૩ કરોડથી વધુ લોકો ઉમટે છે. મોટા ભાગના કાવડ સંઘો હોય છે, તો કેટલાક પાંચ-પંદરના જૂથમાં નીકળે છે. તેમના 'હર હર મહાદેવ'ના નારા પવિત્ર નદીઓ સુધીના માર્ગોને ૨૪ કલાક ગુંજવતા હોય છે.

ગુજરાતમાં જે ફાગણમાં ડાકોરની પદયાત્રા અને ભાદરવામાં અંબાજીની પદયાત્રા નિશ્ચિત તહેવારોમાં આવે છે, તેવું જ કાવડ યાત્રાનું છે. ડાકોરની અને અંબાજીની પદયાત્રામાં પાંચેક લાખ પદયાત્રીઓ જોવા મળે છે. હવે તો તેમની સંખ્યામાં ઘટાડો પણ નોંધાયો છે. પરંતુ ઉત્તર પ્રદેશની કાવડ યાત્રામાં કાવડિયાઓની સંખ્યામાં વધારો થયો છે.

ડાકોર અને અંબાજીની પદયાત્રાઓ કઠિન હોવાની સાથે સવલતોવાળી હોય છે. તેમાં કોઈ વજન ઊંચકવાનું નથી હોતું, જ્યારે કાવડયાત્રા વજન ઊંચકીને



કરાતી યાત્રા છે. જ્યારે પવિત્ર ગંગાજળ લઈને શ્રદ્ધાળુઓ પરત ફરે છે, ત્યારે જળ નીચે ન ઢોળાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

ઉત્તર ભારતની કાવડ યાત્રા કોઈ પણ રાજકીય પક્ષની સાડાબારી નથી રાખતી. તે સ્વયંભૂ હોય છે. જોકે ઉત્તર પ્રદેશની યોગી સરકારે કાવડ યાત્રા માટે વિશેષ કવચ જેવી વ્યવસ્થા ઊભી કરી છે.

ભૂતકાળમાં કાવડ યાત્રાના માર્ગ પર શ્રદ્ધાળુઓને પરેશાની નડતી હતી અને અનેક વાર અસામાજિક તત્ત્વો તેમની સાથે મારપીટ કરતા હતા, પરંતુ યોગી સરકારે સમૂળગું પરિવર્તન કર્યું છે. કરોડો લોકો પવિત્ર ગંગાજળ ભરીને જ્યારે ભારે વજનના કાવડ ઊંચકીને પરત ફરે છે, ત્યારે વિશ્વભરનાં સમાચાર માધ્યમો તેમને કેમેરામાં મઢવા લાઈનમાં મંચ લગાવીને બેઠા હોય છે.

આ વખતે ૪ થી ઓગસ્ટથી જ કાવડ યાત્રા પરના માર્ગો બંધ કરી દેવાશે. કાવડયાત્રામાં ભાગ લેવા તંદુરસ્તી હોવી જરૂરી છે, કેમ કે તેમાં ૮૦ કિલો જેટલું વજન ઊંચકીને ચાલવાનું હોય છે અને પરત ફરતી વખતે ૨૦ લીટર જેટલું પવિત્ર ગંગાજળ લઈને આવવાનું હોય છે. કેટલાક કાવડિયા ઉપવાસ કરતા હોય છેત પોતાના ગામના મંદિરમાં જ્યાં સુધી ગંગાજળનો અભિષેક ન થાય ત્યાં સુધી ઉપવાસ રાખે છે.

ખૂબ શ્રમ સાથે સંકળાયેલી આ યાત્રા નથી તો સરકારનો કે અન્ય કોઈ પક્ષનો ટેકો માંગતી કે નથી તો તેમાં કોક્રોચ પાર્ટી કે બીજી કોઈ પાર્ટીના કોઈ કાર્યકરો જોડાતા, કેમ કે તેમાં ભક્તિ સિવાય કશું જ લેવાનું-ખાવાનું નથી હોતું. માત્ર ભગવાન શિવ પ્રત્યેની તેમનામાં રહેલી અપાર શ્રદ્ધા તેમને પદયાત્રા કરવાનું જોર આપે છે.

વિશ્વની આવી કોઈ ધામક પદયાત્રા નથી કે જેમાં ૮૦ કિલો જેટલું વજન ઊંચકવાનું હોય. મોટા ભાગના કાવડિયાઓ ખુલ્લા પગે ચાલતા હોય છે. કાવડયાત્રા બહુ શ્રદ્ધા સાથે માર્ગ પર નીકળતી હોય છે. ગયા વર્ષે જ્યારે ૮૦૦થી ૧૦૦૦ કિલોની ભગવાન શિવની સોને મઢેલી મૂત સાથે કાવડ યાત્રીઓ ગુરુગ્રામથી ૨૫૦ કિલોમીટરની યાત્રા કરીને ૪૦ લીટર પવિત્ર ગંગાજળ લઈને પરત ફર્યા, ત્યારે આખા માર્ગ પર લોકોએ ગુલાબની પાંદડીઓ વેરી હતી. માર્ગ પર લાખો લોકો સોનાની કાવડ યાત્રા જોવા ઉમટયા હતા. ભગવાન શિવ તરફની શ્રદ્ધા બતાવવાનો મોકો ઉત્તર પ્રદેશના શિવભક્તો છોડવા તૈયાર નથી હોતા.

પદયાત્રા કરીને કાવડમાં લાવેલા ગંગાજળના અભિષેકથી ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને ઘરમાં સમૃદ્ધિ ખેંચી લાવે છે, તે વાત ઉત્તર પ્રદેશના લોકોના મનમાં ઘર કરી ગઈ છે. ગુરપમાં નીકળતા શિવભક્તો સાથે રથ રાખે અને રથને ખેંચીને લાવે છે. હવે તો મહિલાઓ પણ મોટા પ્રમાણમાં કાવડ યાત્રામાં જોડાય છે, પણ મોટા ભાગે યુવાનો વધુ નજરે પડે છે.

કાવડિયાઓને રહેવા-જમવા માટેની સવલતો યોગી સરકારે તો ઊભી કરી છે જ, પણ સાથે સાથે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને મંદિરોએ પણ કાવડ ઊંચકીને ચાલતા પદયાત્રીઓ માટે રહેવા-જમવાની સવલતો ઊભી કરી છે.

# ગુજરાતમાં છ પાકિસ્તાનીઓને 7 વર્ષ જેલમાં રાખ્યા અને કોર્ટે ચુકાદો આપ્યો નિર્દોષ, આ છે ગૃહખાતાનો વહીવટ!

ભારતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી કથળેલી છે કે, સામાન્ય માણસને ન્યાય મેળવવા માટે કોર્ટના પગથિયા ઘસી નાખવા પડે છે, આખી જિંદગી પૂરી થઈ જાય છે અને છતાં ન્યાય મળતો નથી. બીજી તરફ આ જ ન્યાયતંત્ર અને ગૃહખાતું પાકિસ્તાનીઓને પકડીને ભારતની જેલમાં મોકલી દે છે. આ પાકિસ્તાનીઓને ભારતીય જેલોમાં દાયકાઓ સુધી સાચવવામાં આવે છે. તેમની સુરક્ષા, ભોજન, કાયદો અને વ્યવસ્થા પાછળ અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે અને પરિણામ કશું જ મળતું નથી. સામાન્ય માણસ હેલમેટ ન પહેરે તો તેની પાસે આતંકવાદી જેવું વર્તન કરવામાં આવે છે, તેની સામે કેસ કરવામાં આવે છે, અને કોર્ટ સતત સામાન્ય માણસને દબડાવતી રહે છે. બીજી તરફ આ જ ન્યાયતંત્ર ૨૧૭ કિલો ડ્રગ્સ સાથે પકડાયેલા પાકિસ્તાનીઓને સાત વર્ષે ગુનેગાર ગણી શકતી નથી. તેને નિર્દોષ છોડી દે છે. તેની પાછળ કારણ એવું આવે છે કે, તપાસ એજન્સીઓ યોગ્ય પુરાવા આપી ન શક્યા.

આપણા દેશની કરુણતા જ એ રહી છે કે, ગૃહખાતા અને ન્યાયતંત્ર દ્વારા કાયમ સામાન્ય માણસને દબડાવાયો છે અને કીડીને કોશનો ડામ આપવાનો જ ન્યાય કર્યો છે. દુનિયાભરના દેશોમાં આતંકવાદીઓ પકડાય છે, ઘુસણખોરો પકડાય છે, ગુનેગારો પકડાય છે. તેમની સામે તરત જ કામગીરી કરવાની વ્યવસ્થા વિકસેલી છે પણ ભારતમાં તો રામરાજ્ય અને પોલીસ સુખી છે.

હાલમાં ન્યાયતંત્ર અને કાયદા તંત્ર એટલું કથળી ગયું છે કે તેનો ઉપયોગ હવે હથિયાર તરીકે થવા લાગ્યો છે. એક સમયે લોકો શ્રદ્ધાપૂર્વક કોર્ટમાં જતા હતા, તેમને ન્યાય મળવાની આશા હતી. મંદિરમાં જેમ વ્યક્તિ આસ્થાપૂર્વક જાય તેમ ન્યાયમંદિરમાં જતો હતો પણ ભ્રષ્ટ રાજકારણે ધર્મના મંદિર હોય કે ન્યાયના મંદિર હોય તમામ સ્થળે તંત્ર ખરાબ કરી નાખ્યું છે. ક્યાંક લોકોનું દાન લુંટી લેવાય છે તો ક્યાંક લોકોની જિંદગી ખર્ચાઈ જાય છે અને ઘુસણખોરો, આતંકીઓ સરકારી પૈસે જલસા કરે છે.

ગુજરાતમાં તાજેતરમાં જે ઘટના બની તે આ ભ્રષ્ટ અને નિંભર તંત્રની સાક્ષી પુરે છે. કેન્દ્રમાં ભાજપની સરકાર છે, અમિત શાહ જેવા સક્ષમ ગૃહમંત્રી છે. બીજી તરફ ગુજરાતમાં હર્ષ સંઘવીને ગૃહખાતું સોંપવામાં આવ્યું છે. આ બંને ગૃહમંત્રીઓ પાસે તસવીરો ખેંચાવા સિવાય અન્ય કોઈ કામ નથી. આતંકી હુમલા થાય એટલે કેન્દ્રીય મંત્રી લોકોને સધીયારો આપવા પહોંચી જશે અને ગુજરાતમાં મોટી ઘટના બને એટલે હર્ષ સંઘવી ત્યાં પહોંચી જશે. થોડી તસવીરો ખેંચાશે, મીડિયામાં અને સોશિયલ મીડિયામાં ફરતી થશે અને પછી બધું ભુલાઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રી છેલ્લાં ઘણા સમયથી દેશની વિવિધ સરહદો ઉપર ફરજ બજાવતા બીએસએફના જવાનોને મળવા જાય છે. તેમની સાથે ભોજનની ઈવેન્ટ રખાય છે અને તેની તસવીરો સોશિયલ મીડિયામાં ફરતી કરાય છે. આ બીએસએફના જવાનોની જે સમસ્યાઓ છે તેને સાંભળવાનો કે પછી સરહદે શું પડકારો છે તેનો નિકાલ લાવવાનો સમય તેમની પાસે નથી. તેમના તાબા હેઠળની સરહદોએથી બાંગ્લાદેશીઓ કે પાકિસ્તાનીઓ દેશમાં ઘુસી જાય છે છતાં કોઈ કશું જ કરી શકતું નથી કે બોલી શકતું પણ નથી.

ગુજરાતમાં તાજેતરમાં એનઆઈએ કોર્ટ દ્વારા એક ચુકાદો આપવામાં આવ્યો છે. ૨૦૧૯માં પકડાયેલા છ પાકિસ્તાનીઓને સાત વર્ષ જેલમાં રાખ્યા બાદ, તેમને સાચવ્યા બાદ હવે નક્કી કરવામાં આવ્યું કે, તેઓ ખોટી રીતે ભારતમાં આવ્યા છે. તેમણે ભારતીય કાયદાનો ભંગ કર્યો છે અને તેમને ઘુસણખોરી બદલ આઠ વર્ષની સજા કરવામાં આવી છે. કથળયેલા પોલીસ તંત્ર અને ન્યાયતંત્રનું આ અનોખું ઉદાહરણ છે. સાત વર્ષ સુધી કેસ ચાલ્યા બાદ કોર્ટે કહ્યું કે, આ પાકિસ્તાનીઓને ડ્રગ્સ સ્મગલર સાબિત કરવા માટે પુરતા પુરાવા નથી. તેથી તેમને ડ્રગ્સના કેસમાં દોષિત ગણવામાં આવતા નથી. બીજી તરફ તેમને ઘુસણખોરી બદલ આઠ વર્ષની સજા કરવામાં આવે છે.

હકિકતે તો આ આઘાતજનક સ્થિતિ છે. એક પાકિસ્તાની બોટમાંથી ૨૧૭ કિલો ડ્રગ્સ ઝડપાય છે. તેની સાથે આ પાકિસ્તાનીઓને પણ પકડવામાં આવે છે. ગુજરાતના જખૌથી પકડાયેલા આ પાકિસ્તાનીઓને ડ્રગ્સના કેસમાં તો જેલ થઈ જ નહોતી. તેમને માત્ર પકડીને જેલ હવાલે કરાયા હતા. ત્યાં સાત વર્ષ સાચવ્યા બાદ કોર્ટે વારંવાર સુનાવણીઓ રાખીને જાહેર કરી દીધું કે પકડાયેલા લોકો આરોપી નથી. તેમને કોઈ સજા જાહેર કરાઈ નથી. તેઓ ગેરકાયદે ભારતમાં ઘુસ્યા હતા તેથી તમામને ફોરન એક્ટના ભંગ બદલે દોષિત જાહેર કરીને આઠ વર્ષની કેદની સજા સંભળાવવામાં આવી.

કોર્ટને લાગ્યું કે, તપાસ એજન્સીઓ દ્વારા ઘટનાના પુરાવાના અભાવે વાર્તા કહેવામાં આવે છે. તપાસ એજન્સીઓએ કોર્ટમાં વાર્તા કહી અને તમામ આરોપીઓ નિર્દોષ સાબિત થઈ ગયા. કોર્ટનું કહેવું હતું કે, જહાજના લોગબુક કે તેના વાયરલેસ મેસેજના કોઈ ડેટા યોગ્ય રીતે રજૂ થયા નહોતા. તે ઉપરાંત આ પાકિસ્તાની બોટ ભારતીય જળસીમામાં ઘુસવાની પહેલેથી ગુપ્ત માહિતી હતી તો ઉપરી અધિકારીઓને તેની જાણ કેમ કરવામાં આવી નહોતી. સૌથી હાસ્યાસ્પદ બાબત તો એવી સામે આવી કે, કોસ્ટગાર્ડ દ્વારા જ્યારે પાકિસ્તાની બોટને આંતરવામાં આવી ત્યારે પાકિસ્તાનીઓને ડ્રગ્સના પેકેટ પાણીમાં ફેંકી દીધા. તપાસ અધિકારીઓના નિવેદનો અને સાક્ષીઓના નિવેદનોમાં પણ વિરોધાભાસ આવતો હતો. તેના કારણે અમદાવાદની સ્પેશિયલ એનાઈએ કોર્ટે છ પાકિસ્તાનીઓને ડ્રગ્સના કેસમાં નિર્દોષ છોડી મુક્યા. તેમને માત્ર ઘુસણખોરી માટે આઠ વર્ષની જેલની સજા ફટકારાઈ અને ૨૫ હજારનો દંડ કરવામાં આવ્યો.

# કચ્છના રણના તારણહાર: પરમ પરોપકારી સંત શ્રી મેકરણ દાદાની અમર જીવનગાથા

કચ્છની આ પવિત્ર અને ખુમારી ધરાવતી ધરા સદીઓથી સંતો, શૂરવીરો અને સતીઓની ભક્તિ-શક્તિથી સિંચાયેલી રહી છે. આ ધરતી પર અનેક મહાપુરુષો થયા, પરંતુ કચ્છના અફાટ અને ભેંકાર રણપ્રદેશમાં ભટકેલા મુસાફરોના સાચા તારણહાર તરીકે જે અમર નામ ઈતિહાસમાં અંકિત થયું છે, તે છે પરમ પૂજ્ય સંત શ્રી મેકરણ દાદા. રણની કાતિલ ગરમી અને તરસથી તરફડતા માનવીઓ અને પશુઓની સેવાને જ જેમણે પોતાનો પરમ ધર્મ માન્યો, તેવા મેકરણ દાદા માત્ર એક સંત નહોતા, પણ માનવતાના જીવતા જાગતા દેવદૂત હતા. તેમનું જીવન ચરિત્ર આજે સદીઓ પછી પણ સમાજને નિઃસ્વાર્થ સેવા અને કરુણાનો દિવ્ય સંદેશ આપે છે.

શ્રી મેકરણ દાદાનો જન્મ વિક્રમ સંવત ૧૭૨૩ની કાપડી જ્ઞાતિમાં કચ્છના



ખોંભડી ગામે થયો હતો. નાનપણથી જ તેમના હૃદયમાં આધ્યાત્મિકતા અને પરોપકારના બીજ રોપાયેલા હતા. ગુરુ પાસેથી દીક્ષા લીધા પછી તેમણે પોતાનું સમગ્ર જીવન લોકકલ્યાણ માટે સમર્પિત કરી દીધું હતું. દાદાએ કચ્છના મોટા રણની મધ્યમાં આવેલી ધ્રંગ (દ્રંગ) ની ભૂમિને પોતાની સાધનાભૂમિ બનાવી અને ત્યાં એક આશ્રમની સ્થાપના કરી. આ એવો સમય હતો જ્યારે સિંધ અને ગુજરાત વચ્ચે વેપાર કે યાત્રા માટે રણ ઓળંગવું પડતું હતું. રણના ધોમધખતા તાપમાં રસ્તો ભૂલેલા મુસાફરો પાણી અને અન્નના અભાવે મૃત્યુ પામતા હતા. આ અસહ્ય પીડા જોઈને મેકરણ દાદાનું હૃદય દ્રવી ઊઠ્યું હતું.

મેકરણ દાદાની સેવાની સૌથી અદ્ભુત અને અનોખી વિશેષતા તેમના બે મૂગા સાથીદારો હતા - 'લાલીયો' નામનો ગર્દભ (ગધેડો) અને 'મોતીયો' નામનો શ્વાન (કૂતરો). દાદા આ બંને અબોલ પશુઓની પીઠ પર પાણીના માટલા અને રોટલા બાંધીને રણની મધ્યમાં મોકલતા હતા. કુદરતી કોઠાસૂઝ ધરાવતો મોતીયો કૂતરો રણમાં માઈલો દૂર સુધી ભટકેલા કે બેભાન પડેલા મુસાફરોને શોધી કાઢતો અને લાલીયો ગધેડો ત્યાં સુધી પાણી અને અન્ન પહોંચાડતો હતો. સંત મેકરણ અને તેમના પશુ સાથીઓની આ ત્રિપુટીએ હજારો માનવજિંદગીઓને મોતના મુખમાંથી બચાવી હતી. કોઈ પણ જાતના જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના ભૂખ્યાને અન્ન અને તરસ્યાને પાણી આપવું એ જ દાદાની ખરી ઉપાસના હતી.

ભક્તિ અને સેવાના સમન્વય સાથે દાદા એક ઉત્તમ કવિ અને તત્વચિંતક પણ હતા. તેમણે કચ્છી અને સિંધી ભાષામાં અનેક ભજનો, કાફીઓ અને દૂહાઓની રચના કરી છે, જે આજે પણ કચ્છના લોકજીવનમાં ગવાય છે. તેમના ભજનોમાં કૂળ કપટનો ત્યાગ, સચ્ચાઈ અને ઈશ્વર ભક્તિનો મર્મ છુપાયેલો છે. પોતાના જીવનનું કાર્ય પૂરું થતાં, વિક્રમ સંવત ૧૭૭૭ના આસો વદ ચૌદશના પવિત્ર દિવસે શ્રી મેકરણ દાદાએ પોતાના બાર શિષ્યો સાથે ધ્રંગ મુકામે જીવંત સમાધિ લીધી હતી. તેમની સાથે તેમના વફાદાર સાથીઓ લાલીયો અને મોતીયો પણ સમાધિમાં વિલીન થયા હતા.

આજે પણ ધ્રંગ ખાતે દાદાનું ભવ્ય સ્મારક મંદિર આવેલું છે, જ્યાં મહાશિવરાત્રિના પવિત્ર પર્વે બહુ મોટો મેળો ભરાય છે. લાખો શ્રદ્ધાળુઓ અહીં આવીને દાદાની ગાદી અને ધૂણાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. શ્રી મેકરણ દાદાનો આ અમર ઈતિહાસ આપણને શીખવે છે કે સાચી ઈશ્વર ભક્તિ મંદિરોના બંધ દ્વારમાં નહીં, પરંતુ પીડિતો અને અસહાયોની સેવામાં રહેલી છે. આ પ્રેરણાદાયી વારસો આવનારી પેઢીઓ માટે પણ સદૈવ પથદર્શક બની રહેશે.

**- રૂપેશ સોલંકી (ભચાઉ - કચ્છ)**

# 15 વર્ષની અંદરનાઓ માટે સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધની તાતી જરૂર છે

૧૬ વર્ષની અંદરના છોકરાઓ સોશ્યલ નટેવર્ક ઉપયોગ કરી શકે નહીં તેવો પ્રતિબંધ મુકવાની હિંમત અનેક દેશોએ કરી છે. ઓસ્ટ્રેલિયા, યુકે, કેનેડા , બ્રાઝિલ, ઓસ્ટ્રિયા અને ઈન્ડોનેશિયાએ ૧૬ વર્ષની અંદરના છોકરાઓ સોશ્યલ નેટવર્કનો ઉપયોગ ના કરી શકે તેવા પગલાં ભરીને વિશ્વમાં નવો ટ્રેન્ડ ઉભો કર્યો છે.

હાલમાં અનેક વેબસાઈટ ઉંમર વેરિફિકેશનના નામે લોકોને ગેરમાર્ગે દોરે છે. ૧૩વર્ષની અંદરના છોકરાઓ પણ પોતે ૧૬ વર્ષની ઉપરના છે એમ લખીને સાઈટમાંનો મસાલો એન્જોય કરતા હોય છે. હકીકતે આવી એન્જોયમેન્ટ તેમને વિકૃત વિચારસરણીવાળા બનાવતા હોય છે. સૌથી પહેલા ઓસ્ટ્રેલિયા જાગ્યું હતું. ત્યારબાદ અન્ય દેશો જાગ્યા છે. ભારતના શાસકોને હજુ ઢંઢોળવામાં આવી રહ્યા છે. ઝોહોના ફાઉન્ડર શ્રીધર વેમ્બૂએ તાજેતરમાં સ્પષ્ટ કહ્યું છે કે ભારતમાં છોકરાઓને પુસ્તકો વાંચતા કરવા હોય, સૂર્ય પ્રકાશમાં ફરતા કરવા હોય કે આઉટ ડોર ગેમ્સ રમતા કરવા હોય તો તેમના માટે સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધ મુકો. તેમનું સજેશન ત્યારે આવ્યું છેકે જ્યારે કેટલાક દેશો એમ તેમના છોકરાઓને સોશ્યલ નેટવર્કથી દુર રાખવાના પગલાં લીધા છે. તાજેતરમાં ફ્રાન્સે ૧૫ વર્ષથી નીચેના છોકરાઓ માટે સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધ મુક્યો છે. પ્રતિબંધ મુકનાર અન્ય દેશોએ ઉંમર ૧૬ વર્ષે રાખી છે. ઝોહોના ફાઉન્ડરે ઓનલાઈન પોસ્ટમાં લખ્યું છે કે ભારતે પણ દેશના છોકરાઓના ભાવિને ધ્યાનમાં લઈને સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધ મુકવો જોઈએ. વેમ્બૂના ઓપિનીયનને એનલાઈન અનેક લોકોએ ટેકો આપ્યો છે જ્યારે કેટલાક લોકોએ સંપૂર્ણ પણે પ્રતિબંધ સામે વાંધો ઉઠાવ્યો છે.કેટલાકે કહ્યું છે કે છોકરાઓને ડિજીટલ લીટરસી સાથે ઉછેર કરવો જોઈએ. જોકે વેમ્બૂને સમર્થન કરનારા કહે છેકે છોકરાઓને સોશ્યલ નેટવર્કનું વ્યસન થતાં બહુ ઓછી વાર લાગે છે. સોશ્યલ નેટવર્ક તેમને પોતાની પોતાની રજૂઆત કરવાની ત્વરીત તક આપે છે. છોકરાઓને દેશના કલ્ચર સાથે જોડવા હોય તો તેમની પાસેથી સોશ્યલ નેટવર્ક લઈ લેવું જોઈએ કેમકે તેમને મળતો સમય સોશ્યલ નેટવર્ક ખાઈ જાય છે.



### ડભોઇના ઢાલનગરમાં કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી!

# નર્મદા વિસ્થાપિતો માટે 1 કિમીનો રસ્તો બન્યો "નરક"



- ગટર લાઈનના નામે રસ્તાની વચ્ચોવચ ખોદકામ કરી માર્ગનો સત્યાનાશ વાળી દીધો
- ઇમરજન્સીમાં 108 એમ્બ્યુલન્સ પણ આવવા તૈયાર નથી, સગર્ભા મહિલાઓ અને ગંભીર દર્દીઓનો જીવ જોખમમાં
- શાળાના ભૂલકાંઓ અને શિક્ષકો પગપાળા ચાલવા મજબૂર; ચોમાસામાં કાદવ-કીચડનું સામ્રાજ્ય

ડભોઇ

ડભોઇ નજીક આવેલી નર્મદા વિસ્થાપિતોની ઢાલનગર વસાહત ખાતે કોન્ટ્રાક્ટર અને બેદરકાર તંત્રની નાપાક નીતિના કારણે સ્થાનિક રહીશો માટે નરક સમાન પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ગટર લાઈનની કામગીરી કરવા આવેલા કોન્ટ્રાક્ટરે કોઈ પણ પ્રકારના આયોજન વગર રસ્તાની આબેહૂબ વચ્ચે જ આડેધડ ખોદકામ કરી ગટર લાઈન નાખી દેતા આશરે ૧ કિલોમીટર જેટલો મુખ્ય માર્ગ સંપૂર્ણપણે બિસ્માર અને ખલાસ થઈ ગયો છે. આ મામલે આજે આક્રોશિત ગ્રામજનોએ એકઠા થઈ તંત્ર અને કોન્ટ્રાક્ટર વિરુદ્ધ હલ્લાબોલ બોલાવી ઉગ્ર રોષ સાથે વિરોધ દર્શાવ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રસ્તાની હાલત એટલી હદે વણસી ગઈ છે કે રોજીંદા કામકાજ માટે ઘરની બહાર નીકળવું પણ મોટું જોખમ બની ગયું છે. રસ્તો અત્યંત ખરાબ અને ઊંડા ખાડાઓથી ભરેલો હોવાના કારણે કટોકટીના સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ગામમાં આવવાની ચોખ્ખી ના પાડી દે છે. જેના કારણે બીમાર વ્યક્તિઓ, વૃદ્ધો કે સગર્ભા મહિલાઓને સમયસર હોસ્પિટલ પહોંચાડવામાં જીવનું મોટું જોખમ ઊભું થાય છે.

આ ઉપરાંત, શાળાએ જતા નાના-નાના બાળકો તથા શિક્ષકો પોતાના વાહનો ગામના પાદરે કે દૂર મૂકીને કાદવ-કીચડ વચ્ચે પગપાળા ચાલવા મજબૂર બન્યા છે. ચાલુ ચોમાસાની ઋતુમાં આ બિસ્માર રસ્તા પર ચારેય તરફ કાદવનું સામ્રાજ્ય છવાઈ ગયું છે, જેનાથી રોજબરોજ અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે.

'વિસ્થાપિતોને તમામ પ્રાથમિક સુવિધાઓ આપવાના સરકારના મોટા-મોટા દાવાઓ કાગળ પર જ સીમિત રહ્યા છે. વાસ્તવિકતામાં ઢાલનગર વસાહતના લોકો નરકાગાર જેવી જિંદગી જીવવા મજબૂર છે.'

શું તંત્ર કોઈ મોટા અકસ્માતમાં કોઈનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યું છે? કુંભકર્ણની નિંદ્રામાં સોયેલા જવાબદાર અધિકારીઓ ક્યારે જાગશે અને આ ૧ કિલોમીટરનો નવો સીસી કે ડામર રોડ ક્યારે મંજૂર થશે? તેવા તીખા સવાલો ગ્રામજનો પૂછી રહ્યા છે.

આજે ગ્રામજનોએ એકસૂરે વિરોધ પ્રદર્શન કરીને વહેલી તકે નવો રસ્તો મંજૂર કરી તાત્કાલિક ધોરણે તેની કામગીરી શરૂ કરવાની આક્રમક માંગ કરી છે.

હવે જોવાનું એ રહેશે કે ઊંઘતું તંત્ર અને બેદરકાર કોન્ટ્રાક્ટર ક્યારે હરકતમાં આવે છે અને સ્થાનિકોને આ યાતનામાંથી ક્યારે મુક્તિ અપાવે છે.

### બીજા ડીગ્રી વગરના સાથે સેટિંગ કે પછી?

## હડાદ પો.સ્ટે. વિસ્તારોમાંથી બોગસ તબીબ પકડી SOG પોલીસે કાર્યવાહીનુ નાટક રચ્યું

બનાસકાંઠા

હડાદ અને દાંતા તાલુકામાં બોગસ અને ડિગ્રી વગરના ડોક્ટરોનો રાફડો ફાટયો છે ત્યારે પાલનપુર એસઓજી દ્વારા માત્ર એક બોગસ ડોક્ટરને પકડીને કાર્યવાહી કરી છે ત્યારે દાંતા અને હડાદ તાલુકામાં 300 કરતાં વધારે લોકોના આરોગ્ય સાથે છેડાં કરતા ડોક્ટરો ઉપર દાંતા નાં tho ની પણ આ બાબતની જવાબદારી હોય છે ત્યારે અધિકારીઓ એ.સી ઓફિસમાં બેસીને ઠંડી હવા ખાતા હોય છે ત્યારે બોગસ અને ડીગ્રી વગરના ડોક્ટરો જે દાંતા હડાદ જીતપુર કુવારસી નવાવાસ મંડાલી અને માંકડીમા તો વાત જ ન થાય ત્યાં તો ખુલ્લેઆમ હોસ્પિટલો બનાવીને બોટલો ચડાવી ભરતી કરવા સુધીની પણ વ્યવસ્થાઓ કરવામાં આવી અને આરોગ્ય સાથે છેડા કરીને દિવસના હજારો રૂપિયા ગરીબ લોકો પાસેથી પડાવતા હોય છે ત્યારે પાલનપુર થી



એસોજી ની ટીમ કુંવારસી આવીને એક બોગસ ડોક્ટર પકડીને માત્ર નાટક રૂપે કાર્યવાહી કરવામાં આવી હતી પરંતુ સ્થાનિક પોલીસ આવા બોગસ ડોક્ટરને છાવરી દર વર્ષે લાખોના હપ્તાઓનુ સેટિંગ હોય તે રીતે આંખ આડા કાન કરતી હોય તેમ લાગી રહ્યું છે ત્યારે બનાસકાંઠા એસ.ઓ.જી ને જો કાર્યવાહી કરવી હોય તો દાંતા તાલુકામાં અને હડાદ તાલુકામાં 300 કરતા પણ વધારે બોગસ ડોક્ટરો મુન્નાભાઈ બનીને લોકોના આરોગ્ય સાથે છેડા કરી રહ્યા છે ત્યારે કાર્યવાહી કરવી હોય તો આ 300 કરતાં વધારે પણ બોગસ ડોક્ટર ઉપર કાર્યવાહી થઈ શકે છે ત્યારે એક ડોક્ટર ઉપર કાર્યવાહી કરીને જ્યારે દાખલો બેસાડવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે મહિનાની લાખો રૂપિયાની કમાણી નું સેટિંગ કરવામાં આવ્યું હોય તેવું ચોક્કસપણે દેખાઈ રહ્યું છે ત્યારે હવે ઉચ્ચ અધિકારીઓ દાંતા હડાદ તાલુકામાં ચાલતા બોગસ દવાખાનાઓ અને ડોક્ટર ઉપર કાર્યવાહી કરશે કે પછી લોકોના આરોગ્ય સાથે છેડા કરતા ડોક્ટરો સાથે કોઈ મોટું સેટિંગ પાળી મસ્ત મોટી કડકી કરતા હોય તેવા સવાલો ઉઠી રહ્યા છે હવે એ જોવાનું રહ્યું કે તંત્ર દ્વારા બોગસ ડોક્ટરો પર કાર્યવાહી થશે કે પછી તેમના આશીર્વાદ હેઠળ ચાલતું રહેશે તે જોવાનું રહ્યું.

### તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે આક્રોશ

## કરોડો રૂપિયાનો ખર્ચ પાણીમાં : ભારજ નદીનું ડાઇવર્ઝન ત્રીજી વખત ધોવાયું..!

પાવીજેતપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના શિહોદ ગામ પાસે નેશનલ હાઈવે નં. 56 પર ભારજ નદી ઉપર બનાવવામાં આવેલ ડાઈવર્ઝન ફરી એકવાર ભારે વરસાદમાં ધોવાઈ ગયું છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ ત્રીજી વખત ડાઈવર્ઝન પાણીમાં તણાઈ ગયું છે. પુલ તૂટી ગયા બાદ કરોડો રૂપિયાના ખર્ચે એક પછી એક ત્રણ ડાઈવર્ઝન બનાવવામાં આવ્યા, પરંતુ દરેક વખતે વરસાદ સામે તે તાશના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા. પરિણામે સરકારના લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ વ્યર્થ ગયો





હોવાના ગંભીર સવાલો ઉભા થયા છે. ડાઈવર્ઝન બંધ થતાં આસપાસના ગામોના લોકો જીવના જોખમે નદીના વહેતા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે. મહિલાઓ, વૃદ્ધો, વિદ્યાર્થીઓ અને બાઈકચાલકો જીવ હાથમાં લઈને નદી પાર કરી રહ્યા છે. જો અહીં કોઈ જાનહાનિ થાય તો તેની જવાબદારી કોણ લેશે? તેવો સવાલ લોકો ખુલ્લેઆમ પૂછી રહ્યા છે. સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.

લોકોનું કહેવું છે કે દર વર્ષે ડાઈવર્ઝન બનાવવાના નામે સરકારી નાણાં ખર્ચાઈ રહ્યા છે, પરંતુ કાયમી ઉકેલ કેમ લાવવામાં આવતો નથી? માત્ર કાગળ પર વિકાસના દાવા કરનારા જવાબદાર અધિકારીઓ હવે મેદાનમાં આવી લોકોની હાલત જુએ તેવી માંગ ઉઠી છે. સ્થાનિકોએ સરકાર અને સંબંધિત વિભાગને તાત્કાલિક મજબૂત અને કાયમી પુલનું કામ પૂર્ણ કરવાની માંગ કરી છે.

## જેતપુરના ખીરસરા રોડ પર ભાદર નદીના ચેકડેમમાં ડૂબી જવાથી બે યુવાનોના મોત

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર પંથકમાં ભાદર નદીના નાર પાટ ચેકડેમ પર એક દુઃખદ ઘટના સામે આવી છે. ખીરસરા રોડ પર આવેલા નાર પાટ ચેકડેમમાં ન્હાવા પડેલા મિત્રો પૈકી બે યુવાનો પાણીમાં ડૂબી જવાથી મોતને ભેટ્યા છે. આ આકસ્મિક દુર્ઘટનાને કારણે મૃતકોના પરિવારજનોમાં ભારે શોક વ્યાપી ગયો છે અને સમગ્ર જેતપુર શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુર પાસેના ખીરસરા રોડ પર આવેલા નાર પાટ ચેકડેમમાં પાંચથી છ યુવાન મિત્રો ચેકડેમ પાસે ગયું હતું. પાણીમાં ન્હાવા માટે પડ્યા હતા. પરંતુ, પાણીની ઊંડાઈ કે પ્રવાહનો અંદાજ ન રહેવાને કારણે આમાંથી બે યુવાનો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ અકસ્માતમાં મોતને ભેટનાર યુવાનોની ઓળખ વસીમ





પરમાર (ઉંમર વર્ષ ૨૦) અને કાદિર ડોઢિયા (ઉંમર વર્ષ ૧૭, સગીર) તરીકે થઈ છે. નદીમાં યુવાનો ડૂબી રહ્યા હોવાની જાણ થતાં જ આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ જેતપુર નગરપાલિકાના ફાયર વિભાગ તથા સ્થાનિક પોલીસને કરવામાં આવી હતી.

### છોટાઉદેપુર જિલ્લા પંચાયતની સામાન્ય સભા

## વિરોધ પક્ષના નેતાની ચેમ્બર ન હોવાને લઇને હોબાળો અને વિવિધ મુદ્દાઓ ઉપર રજૂઆતો..

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આજે ભારે હોબાળા અને ચર્ચા વચ્ચે ખેંચાઈ હતી. સામાન્ય સભામાં આમ આદમી પાર્ટી (AAP) દ્વારા પ્રજાના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે રજૂઆતો કરવામાં આવી હતી, તો બીજી તરફ હોદ્દેદારોના લિસ્ટમાં નામ હોવા છતાં વિરોધ પક્ષના નેતા માટે ચેમ્બર ફાળવવામાં ન આવતા 'આપ' દ્વારા ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લા પંચાયતની સામાન્ય સભા શરૂ થતાની સાથે જ વાતાવરણ ગરમાયું હતું. એક તરફ પ્રજાકીય સમસ્યાઓ અને ગામડાઓમાં વિકાસના કાર્યોને લઈને ચર્ચા થઈ હતી, તો બીજી તરફ વિરોધ પક્ષના નેતા રાજેશ રાઠવા દ્વારા શાસક પક્ષ ભાજપ સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા.

સભા દરમિયાન મુખ્ય આકર્ષણ અને વિવાદનું કેન્દ્ર વિરોધ પક્ષના નેતાની ચેમ્બરનો પ્રશ્ન બન્યો હતો.

'આપ'ના નેતાઓએ સવાલ ઉઠાવ્યો હતો કે, હોદ્દેદારોના અધિકૃત લિસ્ટમાં વિરોધ પક્ષના નેતાનું નામ હોવા છતાં આજદિન સુધી તેમની ઓફિસ કે ચેમ્બર ફાળવવામાં આવી નથી. આ મુદ્દે સભાખંડમાં ભારે હોબાળો અને ઉગ્ર બોલાચાલી જોવા મળી હતી.

ચર્ચા અને મંતવ્યો:

વિરોધ પક્ષના નેતા રાજેશ રાઠવાએ જિલ્લાના વિવિધ વિકાસના પ્રશ્નો, અધૂરા કામો અને જનસાસ્યાઓ અંગે ભાજપ સરકાર અને વહીવટી તંત્રને ઘેરીને આકરા પ્રહારો કર્યા હતા.

શાસક અને વિપક્ષ વચ્ચે મંથન: જોકે, હોબાળા બાદ સામાન્ય સભામાં છોટાઉદેપુર જિલ્લાના વિવિધ ગામડાઓની સમસ્યાઓ અને લોકપ્રશ્નો પર ભાજપ અને આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને પોતપોતાના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા.

આમ, છોટાઉદેપુર જિલ્લા પંચાયતની સામાન્ય સભા પ્રજાકીય મુદ્દાઓની સાથે-સાથે ચેમ્બરના રાજકારણને લઈને પણ ભારે ચર્ચામાં રહી હતી. હવે જોવું રહ્યું કે તંત્ર દ્વારા વિરોધ પક્ષના નેતાને ચેમ્બર ફાળવવામાં ક્યારે સત્તાવાર નિર્ણય લેવાય છે.

## છોટાઉદેપુરના તેજગઢ નજીક LCBની મોટી કાર્યવાહી, કુલ ₹3.79 લાખનો મુદ્દામાલ કબજે

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના તેજગઢ ગામે નાયરા પેટ્રોલ પંપ ત્રણ રસ્તા પાસેથી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ વાહન ચેકિંગ દરમિયાન ભારતીય બનાવટનો વિદેશી દારૂ, નિશાન સન્ની કાર અને મોબાઈલ ફોન સહિત કુલ 3,79,750ના મુદ્દામાલ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જ તથા છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તીયાઝ શેખના માર્ગદર્શન હેઠળ દારૂબંધીના કાયદાનો કડક અમલ થાય તે માટે એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એફ. ડામોરના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમ વાહન ચેકિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે નિશાન સન્ની



કાર નંબર GJ-23-AF-3357માં પાછળની ડિક્કીમાં બ્રેક લાઈટ પાસે બનાવેલા ચોરખાનામાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂ લાવવામાં આવી રહ્યો છે.

બાતમીના આધારે પોલીસે કારને રોકી તપાસ કરતાં ચોરખાનામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 675 બોટલો, કિંમત 63,750 મળી આવી હતી.

### શિક્ષક જો પોતાના આચરણ દ્વારા શીખવે તો તે શ્રેષ્ઠ ગુરૂ: ડૉ.વિરમભાઇ ગોઢાણીયા

## પોરબંદરની જયશ્રીબેન વિરમભાઇ ગોઢાણીયા ગર્લ્સ હાઇસ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ગૌરવસભર ઉજવણી

ગોસા (ઘેડ), વિરમભાઇ કે. આગઠ

પોરબંદરની શ્રીમતી જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણીયા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ગુરુપૂર્ણિમાની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગુરુજનોનું ભાવપૂજન કર્યું હતું તેમજ માતા-પિતા અને ગુરુને દેવતુલ્ય માની જીવનભર આદર અને સન્માન આપવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. મહર્ષિ વેદવ્યાસના જન્મદિવસ નિમિત્તે સમગ્ર દેશમાં ઉજવાતી ગુરુપૂર્ણિમા (વ્યાસ પૂર્ણિમા)ના અવસરે શાળામાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાળાના પ્રિન્સિપાલ શ્વેતાબેન રાવલે કબીરદાસજીના પ્રસિદ્ધ દોહા "ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગું પાય; બલિહારી ગુરુ આપને, ગોવિંદ દિયો બતાય" ના ઉલ્લેખ સાથે કરી હતી. તેમણે શિક્ષક-ગુરુને ઈશ્વર કરતાં પણ ઉચ્ચ સ્થાન આપતા ગુરુના મહિમાનું વર્ણન કર્યું હતું. સાથે જ સંસ્થાના ટ્રસ્ટ પ્રમુખ ડો. વિરમભાઈ ગોઢાણીયા તથા ટ્રસ્ટી શ્રીમતી જયશ્રીબેન ગોઢાણીયાની શિક્ષણસેવા અને સંસ્થા પ્રત્યેની



પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ, જાણીતા દાતા અને શિક્ષણપ્રેમી ડો. વિરમભાઈ ગોઢાણીયાએ વિદ્યાર્થીનીઓને સંબોધતાં જણાવ્યું હતું કે ગુરુપૂર્ણિમા માત્ર તહેવાર નથી, પરંતુ ગુરુ પ્રત્યે આદર, શ્રદ્ધા અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે. માતા-પિતા જીવન આપે છે, જ્યારે ગુરુ જીવનને સાચી દિશા આપે છે. તેમણે પોતાના વિદ્યાર્થીકાળ દરમિયાન આફ્રિકાના લુહાણા બોર્ડિંગમાં ગૃહપતિ ચંદુભાઈ જોશી પાસેથી પ્રાપ્ત થયેલા સંસ્કારો અને માર્ગદર્શનનું સ્મરણ કરી ગુરુવંદના વ્યક્ત કરી હતી.

## ગઢડામાં M.M. હાઇસ્કુલ ખાતે નવા કાયદા તથા મહિલા લક્ષી કાયદા બાબતે જાગૃતી કાર્યક્રમ યોજાયો

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લા પોલીસ વડા(IPS)ધર્મેન્દ્ર શર્માની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ ગઢડા પોલીસ સ્ટેશનના મહિલા PI કે.એન.ચોપરા તેમજ પોલીસ સ્ટાફ દ્વારા ગઢડા શહેરમાં આવેલ શ્રી એમ.એમ.હાઈસ્કુલ ખાતે નવા કાયદા તેમજ મહિલા લક્ષી કાયદા બાબતે અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં હાઇસ્કૂલના વિદ્યાર્થીઓને મહિલા PI કે.એન.ચોપરા દ્વારા નવા કાયદા અને મહિલા લક્ષી કાયદા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમની અંદર એમ.એમ. હાઈસ્કૂલના આચાર્ય,શિક્ષક સ્ટાફ ગઢડા પોલીસ સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક જાગૃતિ કાર્યક્રમનો લાભ લીધો હતો.




## કમલાબાગ પોલીસના પોલીસકર્મી પર હુમલાના કેસમાં ફરાર આરોપી LCBના હાથે ઝડપાયો

### ચાર વર્ષથી નાસતો ફરતો આરોપી પોરબંદરના છાયા વિસ્તારમાંથી ઝડપાયો

ગોસા(ઘેડ), વિરમભાઇ કે.આગઠ

પોરબંદર જિલ્લા પોલીસને ફરાર આરોપીઓને ઝડપી પાડવાની કામગીરીમાં વધુ એક મહત્વની સફળતા મળી છે. કમલાબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોલીસ કર્મચારી પર હુમલાના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી ફરાર રહેલા આરોપીને પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.) ની ટીમે ઝડપી પાડ્યો છે.

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા (I.P.S.) તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા (I.P.S.) દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કરેલ સુચના અનુસંધાનેએલ.સી.બી.ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાના માર્ગદર્શન મુજબ એલ.



સી.બી. સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એ.એસ.આઈ. બટુક લાખાભાઇ તથા આર્મ હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ દશરથસિંહને ખાનગીરાહે હકીકત મળેલ કે, કમલાબાગ પો.સ્ટે. ગુ.ર.નં. 11218009260 397/2026 બી.એન.એસ. ક. ૬૪(૨)(m), ૩૫૧(૩) મુજબના ગુનાના કામેનો પકડવાનો બાકી આરોપી ચીરાગ ટપુભાઈ શીંગરખીયા રહે. છાંયા પોરબંદરવાળો હાલ ઉપલી કેનાલ ખાડી કાઠે સ્મશાનની બાજુમા ખાતે હાજર છે જે હકિકત આધારે સદર જગ્યા ઉપલી કેનાલ ખાડી કાઠે સ્મશાનની બાજુમાં પહોંચતા હકીકતવાળો ઈસમ કલાક ૧૪/૩૦ મળી આવતા મજકુરને જેમનો તેમ પકડી લઇ નામઠામ પુછતા ચીરાગ ટપુભાઇ શીગરખીયા ઉ.વ.૨૪ રહે. છાંયા જુનો વણકરવાસ હનુમાન મંદીર પાસે પોરબંદરવાળો હોવાનું જણાવતા મજકુરની પ્રાથમીક પુછપરછ કરતા પોતે ઉપરોકત ગુન્હો કરેલ હોવાની કબુલાત આપતો હોય જેથી મજકુર આરોપીને પકડી આગળની કાર્યવાહી થવા સારૂ કમલાબાગ પો.સ્ટે. સોંપી આપેલ છે. કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓમાં એલ.સી.બી.ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર આર.કે.કાંબરીયા તથા એ. એસ.આઈ. બટુકભાઇ લાખાભાઇ, કુલદીપસિંહ રાજુભા તથા હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ દશરથસિંહ વિગેરે સ્ટાફ રોકાયેલ હતા.



### પ્રિયંકા ચોપરા હાલમાંરાજામૌલીની ફિલ્મ 'વારાણસી' ના શૂટિંગમાં વ્યસ્ત

# હૈદરાબાદમાં અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ કર્યું હેંગઆઉટ

હૈદરાબાદ

બોલિવૂડ અભિનેત્રી પ્રિયંકા ચોપરા હાલમાં ફિલ્મમેકર એસ. એસ.રાજામૌલીની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'વારાણસી' ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ વ્યસ્ત શેડ્યૂલ વચ્ચે પ્રિયંકાએ થોડો સમય પોતાના પરિવાર અને સહ-અભિનેતા માટે કાઢ્યો છે. તેલંગણાના હૈદરાબાદમાં તેમણે પોતાના પતિ નિક જોનસ અને ફિલ્મના સહ-સ્ટાર મહેશ બાબુ સાથે નાઈટ હેંગઆઉટ કર્યું હતું.ત્રણેયની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. વાયરલ તસવીરમાં પ્રિયંકા આઈવરી રંગના સ્લીવલેસ ડ્રેસમાં જોવા મળે છે, જ્યારે નિક જોનસ કેઝ્યુઅલ લુકમાં અને મહેશ બાબુ પણ સરળ અંદાજમાં નજર આવ્યા હતા. બિગ બજેટ ફિલ્મમાંથી બ્રેક. આ તસવીર હૈદરાબાદના AMB Cinemas દ્વારા શેર કરવામાં આવી હતી, જેમાં ત્રણેય સેલિબ્રિટીઓ સાથેની યાદગાર સાંજનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં નિક જોનસના પોડકાસ્ટમાં પ્રિયંકાએ ખુલાસો કર્યો હતો કે તેઓ છેલ્લા 14 મહિનાથી 'વારાણસી' પર કામ કરી રહી છે. આ ફિલ્મ માટે રાજામૌલીએ તેમને વ્યક્તિગત રીતે સંપર્ક કર્યો હતો. ફિલ્મમાં પ્રિયંકા અને મહેશ બાબુ ઉપરાંત પૃથ્વીરાજ સુકુમારન પણ મહત્વની ભૂમિકામાં છે.આ મેગાબજેટની ફિલ્મ 7 એપ્રિલ 2027 ના રોજ વિશ્વભરના થિયેટર્સમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મ 1200થી 1400 કરોડ રૂપિયાના બજેટમાં તૈયાર થઈ રહી છે. હૈદરાબાદથી સામે આવેલી તસવીરમાં મહેશબાબુ અને નિક જોનસ બન્ને એક જ ફ્રમમાં જોવા મળી રહ્યા છે. ત્રણેય સેલેબ્સે સિનમેહોલની બાહર મસ્ત પોઝ આપ્યો હતો. નિક પણ વ્હાઈટ ટેક્ચરમાં એકદમ કૂલ લાગી રહ્યો છે. મહેશ બાબુ બ્લેક ટીશર્ટ અને કેપ સાથે જોવા મળ્યો હતો. પ્રિયંકા ચોપરાએ વર્ષ 2000માં મિસ વર્લ્ડનો ખિતાબ જીત્યા બાદ ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો. તેમણે 'અંદાઝ', 'ફેશન', 'બાજીરાવ મસ્તાની', 'ડોન' અને 'મેરી કોમ' જેવી અનેક સફળ ફિલ્મોમાં અભિનય કર્યો છે. હોલિવૂડમાં પણ તેમણે પોતાની આગવી ઓળખ બનાવી છે.'વારાણસી' દ્વારા તેઓ લગભગ સાત વર્ષ બાદ ભારતીય સિનેમામાં વાપસી કરી રહી છે અને તે સાથે જ એસ.એસ. રાજામૌલી તથા મહેશ બાબુ સાથે તેમની આ પ્રથમ ફિલ્મ છે.

**એસ.એસ. રાજામૌલી તથા મહેશ બાબુ સાથે પ્રિયંકા ચોપડાની આ પ્રથમ ફિલ્મ છે**

# 'કાંતારા' સ્ટાર ઋષભને આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળશે

### ઋષભને મેલબોર્નના ભારતીય ફિલ્મ મહોત્સવમાં સન્માનિત કરવામાં આવશે. ઋષભને આ વાવડ મળતા તે ખુશ છે



મુંબઈ


ફિલ્મનિર્માતા ઋષભ શેટ્ટીને મેલબોર્નના ભારતીય ફિલ્મ મહોત્સવમાં સન્માનિત કરવામાં આવશે. ઋષભને આ વાવડ મળતા તે ખુશ છે અને તેણે આ બાબતે પોતાના વિચારો શેર કર્યા છે.'કંતારા' ફેમ એક્ટર-ફિલ્મનિર્માતા ઋષભ શેટ્ટી માટે આ વર્ષ લાભદાયી સાબિત થઈ રહ્યું છે. ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન 2026માં લીડરશીપ ઈન સિનેમા એવોર્ડથી સન્માનિક કરવામાં આવશે. આ સિદ્ધિથી એની ફિલ્મી કેરિયરમાં વધુ એક સફળતાનું મોરપંખ ઉમેરાયું છે. ભારતીય સિનેમાને લઈ એક વૈશ્વિક સ્તરની વાત કરતા ફિલ્મમેકરને આ એવોર્ડ આપવામાં આવ્યો છે. એમના યોગદાનને માન્યતા આપતા ગ્લોબલ લેવલની મેકરે વાત મોટી અને મહત્ત્વની કરી છે. કેવી વાર્તાને સ્કોપ મેકરે કહ્યું કે, એવી વાર્તાઓને સ્કોપ મળવો જોઈએ, વૈશ્વિક ફલક પર સ્થાન મળવું જોઈએ જેના મૂળ એના ઓરિજિનલ રૂટ સાથે કનેક્ટ હોય. આ સન્માન વિશે બોલતા, ઋષભ શેટ્ટીએ કહ્યું, ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન તરફથી 'લીડરશીપ ઈન સિનેમા એવોર્ડ' પ્રાપ્ત કરીને હું ખૂબ જ ખુશ છું, ગર્વ અનુભવું છું. વાર્તા કહેવાનો મારો હંમેશાથી આપણી સંસ્કૃતિ અને પરંપરાઓની ઉજવણી કરવાનો રસ્તો રહ્યો છે. આપણા વારસામાં મૂળ ધરાવતી વાર્તાઓની વિશ્વભરમાં પ્રશંસા થતી જોવાનો અર્થ ઘણો મોટો છે. હું મેલબોર્નની મુલાકાત લેવા અને ભારતીય સિનેમાની શક્તિની ઉજવણી કરવા આતુર છું. ફેસ્ટિવલના ડિરેક્ટર મીટુ ભૌમિક લેંગે જણાવ્યું હતું કે,ઋષભ શેટ્ટી ભારતીય ફિલ્મ નિર્માતાઓની તે નવી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે, જેમનું કાર્ય તેમના મૂળમાં ઊંડાણપૂર્વક રૂટ હોય છે. ફિલ્મો વૈશ્વિક સ્તરે પણ સ્વીકૃતિ પામી રહી છે.

# ભારતમાં 'સ્પાઈડર-મેન'નો જાદુ: પ્રથમ જ દિવસે ₹ 50 કરોડથી વધુનું કલેક્શન!

### હોલિવૂડની ફિલ્મ 'સ્પાઈડર મેન'ની દરેક સિરીઝ સુપરડુપર હિટ સાબિત થાય છે

મુંબઈ

હોલિવૂડની ફિલ્મ 'સ્પાઈડર મેન'ની દરેક સિરીઝ સુપરડુપર હિટ સાબિત થાય છે, ટેક્નોલોજી અને વીએફએક્સનો સંગમ આ ફિલ્મમાં જોવા મળે છે પણ આ સિરીઝને પસંદ કરનારો યુવાવર્ગ ખૂબ જ મોટો છે. હવે ભારતીય બોક્સ ઓફિસ પર 'સ્પાઈડરમેન: બ્રાંડ ન્યૂ ડે'ની ધમાકેદાર શરૂઆત થઈ ચૂકી છે. હિન્દીમાં રિલીઝ થયેલી ફિલ્મના મોર્નિંગ શોમાં 100 ટકા યુવાનો આવ્યા હતા. હાઉસફૂલ શૉ રહ્યો હતો. પહેલા જ વીકમાં એડવાન્સ બુકિંગમાં ફિલ્મે 100 કરોડની કમાણી કરી લીધી હતી. ફેન્સ એવું પણ માની રહ્યા છે કે, આ ફિલ્મ 'એવેન્જર્સ એન્ડગેમ'નો રેકોર્ડ બ્રેક કર્યો છે. માર્વેલ સ્ટુડિયો અને સોની પિક્ચર્સની 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' ભારતીય બોક્સ ઓફિસ કમાણીના મામલે પર ઈતિહાસ રચવા માટે તૈયાર છે. ટોમ હોલેન્ડ અને ઝેન્ડાયા સ્ટારર આ ફિલ્મના હિન્દી વર્ઝનના મોર્નિંગ શોમાં 100% ઓક્યુપન્સી જોવા મળી છે. રિલીઝ પહેલા જ એક મોટો રેકોર્ડ બનાવ્યો છે. 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' એ ભારતમાં તેના ઓપનિંગ વીકએન્ડ માટે આશરે 100 કરોડના એડવાન્સ બુકિંગ લઈને સારી એવી કમાણી કરી છે. હોલિવૂડની ફિલ્મ માટે અત્યાર સુધીની સૌથી મોટી ઓપનિંગ આપવાની દિશામાં આ ફિલ્મ આગળ વધી રહી છે, જેણે MCU ફિલ્મ 'એવેન્જર્સ: એન્ડગેમ' દ્વારા રાખવામાં આવેલા લાંબા સમયથી ચાલતા પ્રી-સેલ્સ રેકોર્ડને તોડી નાખ્યો છે. 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' પીટર પાર્કરના જીવનમાં એક નવો અધ્યાય રજૂ કરે છે, પરંતુ તે આગામી MCU ફિલ્મ 'એવેન્જર્સ: ડૂમ્સડે' સાથે પણ જોડાયેલી છે, જે ડિસેમ્બરમાં રિલીઝ થવાની છે. આ વાર્તા 'નો વે હોમ' ની ઘટનાઓના ચાર વર્ષ પછી શરૂ થાય છે, એક એવો સમય જ્યારે ડોક્ટર સ્ટ્રેન્જના જાદુ પછી - આખી દુનિયા ભૂલી ગઈ છે કે પીટર પાર્કર સ્પાઈડર-મેન છે. તેની ગર્લફ્રેન્ડ એમજે (ઝેન્ડાયા) અને મિત્ર નેડ (જેકબ બટાલોન) ને પણ તેની કોઈ યાદ નથી. એકલતાના આ ખાલીપણાને ભરવા માટે, તે ન્યૂ યોર્ક શહેરમાં સ્પાઈડર-મેન તરીકેની પોતાની ફરજોમાં પોતાને સંપૂર્ણપણે ઝંપલાવે છે.





# અભિનેત્રી નિયા શર્મા બીચ પર મોજ કરતી જોવા મળી

### આગળના ભાગમાં પ્લંગિંગ કટ-આઉટ ડિઝાઇન તેના દેખાવને ખૂબ જ બોલ્ડ અને ગ્લેમરસ ટચ આપવામાં આવ્યો છે

મુંબઈ

ટીવી ઈન્ડસ્ટ્રીની સૌથી હોટ એક્ટ્રેસમાંથી એક નિયા શર્મા હંમેશા તેની ફેશન સેન્સ અને બોલ્ડનેસ માટે જાણીતી છે. તે હાલમાં માલદીવમાં વેકેશન એન્જોય કરી રહી છે. તેણે સોશિયલ મીડિયા પર એવા ફોટા શૅર કર્યા છે જેને ચાહકો તરફથી અપાર પ્રેમ મળી રહ્યો છે, દરેક શોટમાં તેની બોલ્ડ સ્ટાઈલ સ્પષ્ટ દેખાય છે. આ વખતે તેના કથિત બોયફ્રેન્ડ, સિકંદર સિંહની હાજરીએ સૌને ચોંકાવી દીધા છે. જોકે બંનેમાંથી કોઈએ પણ સંબંધની પુષ્ટિ કરી નથી, અફવાઓ સૂચવે છે કે સિકંદર સિંહ નિયાનો બોયફ્રેન્ડ છે. એકથી એક બેસ્ટ પોઝ આ ફોટામાં નિયા શર્માને સફેદ મોનોકિની પહેરેલી જોવા મળી છે.આગળના ભાગમાં પ્લંગિંગ કટ-આઉટ ડિઝાઈન તેના દેખાવને ખૂબ જ બોલ્ડ અને ગ્લેમરસ ટચ આપવામાં આવ્યો છે. પોતાના લૂકને વધારે એક્ટ્રેક્ટિવ બનાવવા માટે નિયાએ પર્લચેઈન પહેરી છે. જે તેની નેકલાઈનની સુંદરતામાં નોંધપાત્ર વધારો કરે છે. નિયા બીચ રેતી પર સૂતી વખતે અતિ મનમોહક લાગી રહી છે, 'ભીના વાળ' વાળવાળો લુક એની સુંદરમાં ઔર વધારો કરે છે. કેટલાક ફોટામાં ક્લાસિક બ્લેક-એન્ડ-વ્હાઈટ સ્ટાઈલમાં જોવા મળી છે, જ્યારે અન્યમાં સૂર્યના સોનેરી કિરણો વચ્ચે બીચ પર પોઝ આપતી દેખાય છે. એક તસવીરમાં, બંને સાથે ડ્રિંક્સનો આનંદ માણતા જોવા મળે છે, જ્યારે બીજામાં સિકંદર નિયાનો હાથ પકડીને કેમેરા માટે પોઝ આપી રહ્યો છે. તેઓ માલદીવ રિસોર્ટના સ્ટાફ સાથે પોઝ આપતા જોવા મળે છે જ્યાં તેઓ વેકેશન માણી રહ્યા હતા. લાખોમાં છે ફેન્સ આ ફોટો પર 75 હજારીથી વધારે લાઈક્સ મળી ચૂકી છે. આવું પહેલીવાર નથી, આ પહેલા પણ તે પોતાના એકથી એક બેસ્ટ બોલ્ડ પોઝ શૅર કરી ચૂકી છે. જેમાં તેનું પર્ફેક્ટ બિકીની ફીગર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ વખતેના ફોટોશુટમાં સૌથી વધારે ચર્ચા તેની વ્હાઈટ મોનોકિની અને તેના ફીગરની થઈ રહી છે. ફેન્સે તેના કોમેન્ટ બોક્સમાં હાર્ટ અને ફાયર વાળા ઈમોજીનો ઢગલો કરી દીધો હતો. તેની ઈન્સ્ટાગ્રામ વોલ પરથી એકથી એક બોસ્ટ બોલ્ડ અંદાજ જોઈ શકાય છે.


# 'હું થોડો-ઘણો યંગ હૃતિક રોશન જેવો દેખાઉં છું!' સૌરવ દાસે કંગના રનૌતની દુખતી નસ પર મૂક્યો હાથ....

મુંબઈ

બોલીવુડની વિવાદિત ક્વીન કંગના રનૌત અને હૃતિક રોશનનો ભૂતકાળ આખા દેશ માટે ક્યારેય ન ભુલાય તેવો ડ્રામા રહ્યો છે. પરંતુ હવે આ જ વિવાદની બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે બંગાળી અને હિન્દી સિનેમાના જાણીતા અભિનેતા સૌરવ દાસે! કંગનાની સૌથી દુખતી નસ એટલે કે હૃતિક રોશનના નામે જ સૌરવ દાસે એવો આકરો અને મસાલેદાર કટાક્ષ કર્યો છે કે આખું બોલીવુડ અને સોશિયલ મીડિયા ચોંકી ઉઠ્યું છે.

દુખતી નસ પર હાથ અને કોફી ડેટની ઓફર!

તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન વાતચીતમાં સૌરવ દાસે બિંદાસ અંદાજમાં કહ્યું કે, 'ઘણા લોકો કહે છે કે હું થોડો-ઘણો યંગ હૃતિક રોશન જેવો દેખાઉં છું!' આટલું જ નહીં, કંગના રનૌત સાથેના સંબંધો કે વિવાદો





અંગે પૂછવામાં આવતાં તેણે કોઈ પણ ખચકાટ વગર ઉમેર્યું કે, 'જો કંગના રનૌત મારી સાથે કોફી પર જવા માંગતી હોય તો મને એક્ટ્રેસ સાથે કોફી પર જવામાં કોઈ જ વાંધો નથી!' સૌરવ દાસનું આ નિવેદન સામે આવતા જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયું છે. લોકો કહી રહ્યા છે કે સૌરવ દાસે બહુ ચાલાકીથી કંગનાની એ જૂની પર્સનલ લાઈફના ઘા તાજા કરી દીધા છે, જેને કંગના કદાચ ભૂલવાનો પ્રયાસ કરી રહી છે. 'હૃતિક રોશનનું નામ અને કંગના રનૌત સાથે કોફી ડેટની વાત - સૌરવ દાસનો આ દાવ બોલીવુડના ગલિયારામાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.' સોશિયલ મીડિયા પર ઘમસાણ અને ટ્રોલિંગ! આ નિવેદન બાદ નેટીઝન્સ અને કંગનાના ફેન્સ બે ભાગમાં વહેંચાઈ ગયા છે. કેટલાક લોકો સૌરવ દાસના આ બિંદાસ અને રમુજી સ્ટેટમેન્ટના વખાણ કરી રહ્યા છે, તો બીજી તરફ કંગનાના ફેન્સ આને સસ્તા પબ્લિસિટી સ્ટંટ ગણાવી રહ્યા છે. ★SauravDas, ★KanganaRanaut, ★HrithikRoshan, ★CJP અને ★CockroachJantaParty જેવા હેશટેગ્સ સાથે લોકો આ મુદ્દે જોરદાર મીમ્સ અને કમેન્ટ્સ શેર કરી રહ્યા છે.

પાક્કો ગુજરાત
શુક્રવાર I 31 જુલાઈ 2026 I અમદાવાદ

## સ્પોર્ટ્સ

### ભારત માટે 85 ટેસ્ટ, 90 વન-ડે અને 20 T20 રમી ચૂકેલા રહાણેએ ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક વીડિયો જાહેર કરીને આ નિર્ણયની જાણકારી આપી

# અજિંક્ય રહાણેએ ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

મુંબઈ

ભારતીય બેટર અજિંક્ય રહાણેએ ગુરુવારે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ભારત માટે 85 ટેસ્ટ, 90 વન-ડે અને 20 T20 રમી ચૂકેલા રહાણેએ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક વીડિયો જાહેર કરીને આ નિર્ણયની જાણકારી આપી. વીડિયોમાં 38 વર્ષના રહાણેએ ભાવુક થતાં કહ્યું કે હવે તેમના માટે આગળ વધવાનો આ જ યોગ્ય સમય છે. રહાણેએ વીડિયોમાં કહ્યું કે, જીવનની સચ્ચાઈ એ જ છે કે દરેક વસ્તુની શરૂઆત થાય છે અને અંત પણ હોય છે. જ્યારે સમય આવે છે, ત્યારે આપણે ફક્ત તેનું સન્માન કરવું પડે છે અને આગળ વધવું પડે છે. મેં મારી બેટિંગમાં હંમેશા ટાઈમિંગ પર ભરોસો કર્યો છે અને તેનું મહત્વ સમજ્યું છે. આજે મને લાગે છે કે ઈન્ટરનેશનલ ક્રિકેટ અને તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાનો આ યોગ્ય સમય છે. ભારતીય ટીમ માટે મહત્વપૂર્ણ યોગદાન અજિંક્ય રહાણેએ લાંબા સમય સુધી ભારતીય ટીમ માટે ટેસ્ટ અને વન-ડે ફોર્મેટમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેઓ ટીમના ભરોસાપાત્ર બેટર રહ્યો છે અને તેણે ઘણીવાર ટીમને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર કાઢી છે. રહાણેએ પોતાની બેટિંગ અને કેપ્ટનશીપથી ભારતીય ક્રિકેટમાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. સંન્યાસ પછી પોતાની ભવિષ્યની યોજનાઓ પર વાત કરતા રહાણેએ સ્પષ્ટ કર્યું કે રમત સાથે તેમનો પ્રવાસ સમાપ્ત થયો નથી. તેણે કહ્યું, એક ભારતીય ક્રિકેટર તરીકે મારો અધ્યાય ભલે સમાપ્ત થઈ રહ્યો હોય, પરંતુ આ રમત સાથે મારી યાત્રા ચાલુ રહેશે. હું આગળની પેઢીને મદદ કરવા, આ રમતમાંથી શીખેલા મૂલ્યોને વહેંચવા અને તે રમતને પાછું આપવા માટે ઉત્સુક છું જેણે મને બધું જ આપ્યું છે. રહાણેના કારકિર્દીનો સૌથી સુવર્ણ અધ્યાય 2020-21ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર લખાયો. એડિલેડ ટેસ્ટમાં ભારતના માત્ર 36 રન પર ઓલઆઉટ થયા પછી અને વિરાટ કોહલીના સ્વદેશ પાછા ફર્યા પછી રહાણેએ ટીમની કમાન સંભાળી. ત્યારબાદ મેલબોર્ન ટેસ્ટમાં તેમણે શાનદાર સદી ફટકારીને ભારતને જીત અપાવી અને સીરીઝમાં 1-1ની બરાબરી પર લાવી દીધું.




## વૈભવ સૂર્યવંશીને વાઈસ કેપ્ટન બનાવતા હર્ષા ભોગલે રોષે ભરાયા

મુંબઈ

આગામી 23 ઓગસ્ટથી બેંગલુરુમાં શરૂ થઈ રહેલી પ્રતિષ્ઠિત ડોમેસ્ટિક રેડ-બોલ ટૂર્નામેન્ટ દલીપ ટ્રોફી 2026-27 માટે ઈસ્ટ ઝોનની 15 સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી છે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે મળેલી સિલેક્શન કમિટીની બેઠકમાં પસંદગીકારોએ મોટો દાવ ખેલ્યો છે. આ ટીમમાં વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશનને કેપ્ટન બનાવવામાં આવ્યો છે, જ્યારે બિહારના માત્ર 15 વર્ષના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને વાઈસ-કેપ્ટનની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. સિલેક્ટર્સના આ ચોંકાવનારા નિર્ણય પર ભારતના જાણીતા ક્રિકેટ કોમેન્ટેટર હર્ષા ભોગલેએ ભારે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે અને રેડ-બોલ ક્રિકેટના વાસ્તવિક આંકડાઓ રજૂ કરીને સોશિયલ મીડિયા પર પસંદગીકારોની નીતિ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. હર્ષા ભોગલેએ આંકડા બતાવીને કીધું- 'આ કઈ પ્રકારની વિચારસરણી છે?' વૈભવ સૂર્યવંશીને આટલી નાની ઉંમરે સીનિયર રેડ-બોલ ટીમની ઉપ-કપ્તાની સોંપવા પર હર્ષા ભોગલેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની નારાજગી ઠાલવી છે. હર્ષા ભોગલેએ પોસ્ટ શેર કરતા લખ્યું કે, 'મને એ સમજાતું નથી કે વૈભવ સૂર્યવંશીને એક સીનિયર રેડ-બોલ ટીમનો વાઈસ-કેપ્ટન બનાવવા પાછળ પસંદગીકારોની શું વિચારસરણી છે? તેણે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં અત્યાર સુધી માત્ર 12 ઈનિંગ્સ રમી છે.

### સંદગીકારો પર ભડક્યો પઠાણ

## 10 મેચમાં 60 વિકેટો ઝડપી તોય ટીમ ઈન્ડિયામાં મોકો નહીં

લંડન

ભારતીય ક્રિકેટ ટીમ આગામી મહિને શ્રીલંકાના પ્રવાસે જવાની છે, જ્યાં 2 ટેસ્ટ મેચોની સીરિઝ રમાશે. આ પ્રવાસ માટે તાજેતરમાં જ 15 સભ્યોની ભારતીય ટેસ્ટ ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ ટીમમાં મધ્યપ્રદેશના ઓલરાઉન્ડર સારાંશ જૈનને પ્રથમ વખત તક આપવામાં આવી છે, પરંતુ રણજી ટ્રોફીમાં ધમાકેદાર પ્રદર્શન કરનાર જમ્મુ-કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબીની ઉપેક્ષા કરવામાં આવી છે. રણજી ટ્રોફીની છેલ્લી સિઝનમાં 10 મેચોમાં 60 વિકેટ



ઝડપીને તરખાટ મચાવનાર આકિબ નબીને ફરી એકવાર નજરઅંદાજ કરાતા પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઈરફાન પઠાન ભારે નારાજ થયો છે અને તેણે પસંદગીકારોની નીતિ સામે આકરા સવાલો ઉઠાવ્યા છે.

ઈરફાને વધુમાં ઉમેર્યું કે, અગાઉ અફઘાનિસ્તાન સામે રમાયેલી એકમાત્ર ટેસ્ટ મેચ આકિબ નબીને આંતરરાષ્ટ્રીય સ્તરે અજમાવવાની શ્રેષ્ઠ તક હતી, કારણ કે તે મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ પણ નહોતી. તેણે સિલેક્ટર્સને સવાલ કરતા કહ્યું કે, 'જ્યારે જસપ્રિત બુમરાહ ટીમમાં ન હોય, ત્યારે મોહમ્મદ સિરાજ તમારો નંબર-1 ફાસ્ટ બોલર બની જાય છે. તો પછી અફઘાનિસ્તાન જેવી ટીમ સામેની ટેસ્ટમાં સિરાજને રમાડવાની શું જરૂર હતી? જો ઘરેલું ક્રિકેટના પ્રદર્શનની કોઈ કિંમત હોય, તો આકિબ નબીને ત્યાં જ કેમ મોકો ન આપવામાં આવ્યો?'

## ભારતીય હોકી ટીમની 'ભગવા' ટી-શર્ટ અંગે હોબાળો

### પૂર્વ કૅપ્ટન વીરેન રસ્કીન્હાએ 'મેન ઇન બ્લુ' ઓળખ બદલવા પર નારાજગી વ્યક્ત કરી

મુંબઈ

બેલ્જિયમ અને નેધરલૅન્ડ્સની યજમાનીમાં રમાઈ રહેલા FIH મેન્સ હોકી વર્લ્ડ કપ 2026માં ભારતીય ટીમ મેદાન પર શાનદાર પ્રદર્શન કરી રહી છે. પરંતુ રમતની સાથે સાથે અત્યારે ટીમ ઈન્ડિયા તેની નવી કિટને લઈને ચર્ચા અને વિવાદના કેન્દ્રમાં આવી ગઈ છે. વર્લ્ડ કપની મેચો દરમિયાન ભારતીય હોકી ટીમ પરંપરાગત બ્લુ જર્સીના બદલે સંપૂર્ણ ભગવા રંગની કિટ પહેરીને મેદાન પર ઉતરી છે.

જર્સીના આ કલર બદલાવને કારણે સોશિયલ મીડિયા પર નવી ચર્ચા છેડાઈ છે, જેમાં સ્પોર્ટ્સ જગતના દિગ્ગજો




પણ કૂદી પડ્યા છે. ભારતની ઓળખ 'મેન ઈન બ્લુ' છે, ભગવા નહીં: વીરેન રસ્કીન્હા ભારતીય હોકી ટીમના પૂર્વ કૅપ્ટન અને દિગ્ગજ ખેલાડી વીરેન રસ્કીન્હાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ મામલે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. વીરેને ભારતીય ટીમના ફોટો શેર કરતા લખ્યું કે, 'ભારતીય ટીમની આ જર્સી મને બિલકુલ પસંદ નથી આવી રહી. વર્ષોથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય રમતગમતની ઓળખ 'મેન ઈન બ્લુ' તરીકેની રહી છે. આપણી હોકી ટીમે જ્યારે પણ ઈતિહાસ રચ્યો છે, ત્યારે વાદળી રંગ જ આપણી આગવી ઓળખ રહ્યો છે. અચાનક આ ઓળખને બદલીને સંપૂર્ણ ભગવા રંગની જર્સી આપવાનું કોઈ તાર્કિક કારણ મને સમજાતું નથી.' વીરેન રસ્કીન્હાની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે અને રમતપ્રેમીઓ પણ આ મુદ્દે બે ભાગમાં વહેંચાઈ ગયા છે. કેટલાક લોકો પૂર્વ કૅપ્ટનની વાત સાથે સહમત થઈ રહ્યા છે, જ્યારે કેટલાક યુઝર્સનું કહેવું છે કે જર્સીનો રંગ રાષ્ટ્રધ્વજના ત્રણ રંગોમાંથી જ એક છે, તેથી આમાં કોઈ વિવાદ ન હોવો જોઈએ. સૂત્રો અને અહેવાલો અનુસાર, આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘના નિયમો મુજબ, જ્યારે બે ટીમોની જર્સીના રંગ એકસરખા અથવા મળતા આવતા હોય, ત્યારે એક ટીમે પોતાની 'અવે જર્સી' એટલે કે વૈકલ્પિક જર્સી પહેરવી પડે છે. આ વર્લ્ડ કપમાં જર્મની, આર્જેન્ટિના, ફ્રાન્સ અને ગ્રેટ બ્રિટન જેવી ટીમોની હોમ જર્સી પણ વાદળી અથવા તેને મળતા આવતા શેડની છે. ટેલિવિઝન બ્રોડકાસ્ટ અને અમ્પાયરિંગની સરળતા માટે ભારતીય ટીમે હોમ જર્સી તરીકે સ્કાય બ્લુ અને અવે જર્સી તરીકે ભગવા રંગની પસંદગી કરી છે. જોકે, વિવાદ એ વાતનો છે કે ટીમ માત્ર અવે મેચોમાં જ નહીં, પરંતુ સતત આ નવી ભગવી જર્સીમાં જ જોવા મળી રહી છે.

## બિઝનેસ

### એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં 131.4 ટન વપરાશ રહ્યો

# ભારતમાં સોનાની માંગમાં 6%નો ઘટાડો

મુંબઈ

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ એટલે કે WGC અનુસાર એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ભારતમાં સોનાની માગ વાર્ષિક ધોરણે 6% ઘટીને 131.4 ટન રહી છે. ગયા વર્ષના સમાન સમયગાળામાં આ માગ 139.7 ટન હતી. માગમાં આ ઘટાડા પાછળ કસ્ટમ ડ્યુટીમાં વધારો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સોનાની ખરીદી ઘટાડવાની અપીલને મુખ્ય કારણ માનવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે આ જ વર્ષે મે મહિનામાં સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી હતી. જેના કારણે તેમની કિંમત વધી ગઈ હતી. મૂલ્યના હિસાબે 50% વધુ કિંમતનું સોનું ખરીદાયું WGC ઈન્ડિયાના રિજનલ CEO સચિન જૈને જણાવ્યું



કે ભલે જથ્થામાં માગ ઘટી હોય, પરંતુ મૂલ્યની દ્રષ્ટિએ આ એક રેકોર્ડ છે. આ ક્વાર્ટરમાં સોનાનો વપરાશ 1,98,100 કરોડ રૂપિયા રહ્યો, જે 2025ના બીજા ક્વાર્ટરના 1,32,500 કરોડ રૂપિયાની સરખામણીમાં 50% વધુ છે. આ દર્શાવે છે કે ઊંચી કિંમતો હોવા છતાં ગ્રાહકો સોનાને પ્રાધાન્ય આપી રહ્યા છે. જ્વેલરીની માગમાં 15%નો ઘટાડો એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન ભારતમાં જ્વેલરીની માગ 15% ઘટીને 75.1 ટન રહી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 88.8 ટન હતી. વડાપ્રધાન મોદીએ મે મહિનામાં લોકોને બિનજરૂરી સોનાની ખરીદી ઘટાડવા અને વિદેશી મુદ્રા ભંડાર બચાવવા અપીલ કરી હતી, જેની અસર બજાર પર જોવા મળી છે. કિંમતો અને ભવિષ્યનો અંદાજ બીજા ક્વાર્ટરમાં સોનાની સરેરાશ આંતરરાષ્ટ્રીય કિંમત 4,506.3 ડોલર પ્રતિ ઔંસ રહી, જે 2025માં 3,280.4 ડોલર હતી. ભારતમાં સરેરાશ ત્રિમાસિક કિંમત (આયાત શુલ્ક અને GST વિના) 1,50,744.8 રૂપિયા રહી, જ્યારે ગયા વર્ષે તે 94,875.9 રૂપિયા હતી.

### ક્રૂડતેલના ભાવ વધવાને કારણે બજારમાં અનિશ્ચિતતા

# ઈરાન યુદ્ધમાં શાંતિના બદલે ફરી ઘર્ષણ શરૂ થતાં ક્રૂડ આંચકા પચાવી ફરી પાંચ ટકા ઉછળ્યું

### વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ઉંચામાં 1613 તથા નીચામાં 1586 થઈ 1596થી 1597 ડોલર રહ્યા હતા

મુંબઈ

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ આરંભમાં ઉંચા ખુલ્યા પછી ફરી નીચા ઉતર્યા હતા. પ્લેટીનમના ભાવ ઉંચકાયા હતા. દરમિયાન, ક્રૂડતેલના ભાવ આંચકા પચાવી ફરી ઉછળ્યા હતા. ઈરાન તથા અમેરિકા વચ્ચે ફરી ઘર્ષણ વધતાં ક્રૂડના ભાવ આજે ઝડપી ૪થી ૫ ટકા ઉછળ્યા હતા. અમેરિકામાં ફેડરલ રિઝર્વની મિટિંગ તથા વ્યાજ વિષયક મળનારા સંકેતો પર વિશ્વ બજારના ખેલાડીઓની નજર રહી હતી. તેના પગલે કિંમતી ધાતુઓ તથા ડોલર ઈન્ડેક્સમાં બેતરફી વધઘટ દેખાઈ હતી. ક્રૂડતલ બજારમાં વૈશ્વિક સ્તરે બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ઉછળી ઉંચામાં ૮૮.૬૦ ડોલર થઈ ૮૭.૮૨ ડોલર રહ્યા હતા. જ્યારે યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૮૩.૩૪ થઈ ૮૨.૫૨ ડોલર રહ્યા હતા. દરમિયાન યેમનના સાઉદી દ્વારા હુમલાના પગલે સાઉદી અરેબિયામાં મોટી રિફાઈનરી બંધ કરી દેવામાં આવ્યાના સમાચાર હતા. આ રિફાઈનરીમાં દૈનિક ચાર લાખ બેરલ્સની ક્ષમતા હતી. હોર્મુઝ




રુટમાં જહાજોની અવરજવર પર ફરી અસર પડયાના સમાચાર પણ મળ્યા હતા. દરમિયાન, અમેરિકામાં સરકાર હસ્તકનો ક્રૂડનો વ્યુહાત્મક સ્ટોક છેલ્લા ચાર વર્ષમાં ૩૫૨૦ લાખ બેરલ્સ ઘટયો છે. રશિયા-યુક્રેનના યુદ્ધ પછી ઈરાન-અમેરિકાના યુદ્ધના પગલે ત્યાં સરકાર દ્વારા ઓઈલનો જથ્થો છૂટ્ટો કરાતો રહેતાં સરકાર પાસે આવો જથ્થો ઘટતો રહી તાજેતરમાં ૧૯૮૩ પછીની નવા તળિયે ઉતરી ગયાના સમાચાર હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ આજે ઔંસના નીચામાં ૪૦૧૦ તથા ઉંચામાં ૪૦૪૭ થઈ ૪૦૩૨થી ૪૦૩૩ ડોલર રહ્યા હતા.

મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના બેતરફી વધઘટના અંતે નજીવા ઘટાડા વચ્ચે ૯૯૫ના ભાવ રૂ.૧૪૧૬૫૪ તથા ૯૯૯ના રૂ.૧૪૨૨૨૪ બંધ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ બેતરફી વધઘટના અંતે રૂ.૨૧૭૩૫૫ના મથાળે શાંત રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૯૯૫ના રૂ.૧૪૬૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૭૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ રૂ.૨૨૪૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦૦ વધી રૂ.૫૭૫૧૯ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ઉંચામાં ૧૬૧૩ તથા નીચામાં ૧૫૮૬ થઈ ૧૫૯૬થી ૧૫૯૭ ડોલર રહ્યા હતા.

### રિટેલ ફુગાવો 4.38% થતા, ગ્રાહકોને મોટો આંચકો લાગશે

## ઓગસ્ટમાં ફુગાવાનો આંચકો : ટીવી, રેફ્રિજરેટર, ચા અને કપડાં બધું મોંઘુ થશે

મુંબઈ

ઓગસ્ટમાં તહેવારોની મોસમ શરૂ થતાં, ફુગાવો વધવાની શક્યતા છે. ઓગસ્ટમાં ચાથી લઈને કાર સુધીની દરેક વસ્તુના ભાવ વધવાના છે. ૨૦૨૬માં આ સતત ત્રીજી વખત છે જ્યારે ગ્રાહક સાથે સંકળાયેલી કંપનીઓ ભાવ વધારવાની તૈયારી કરી રહી છે. આ વખતે, ભાવમાં 6 થી 8 ટકાનો વધારો થવાની ધારણા છે. ઓગસ્ટમાં ચા, હેર ઓઈલ, કાર, રેફ્રિજરેટર, ટીવી, કપડાં, કાર, સ્ટીલના વાસણો, કુકર વગેરેના ભાવ વધી શકે છે. તહેવારોની મોસમ પહેલા ફરી એક ભાવ વધારો ગ્રાહકો માટે મોટો આંચકો હોવાની શક્યતા છે. રક્ષાબંધન, દશેરા અને દિવાળીની સિઝન પહેલા, કંપનીઓએ



તેમના ઉત્પાદનોના ભાવમાં વધારો કરવાનો નિર્ણય લીધો. જૂન 2026માં રિટેલ ફુગાવો વધીને 4.38% થયો હતો. મે મહિનામાં તે 3.93% હતો. જયારે ખાદ્ય ફુગાવો 5.32% પર પહોંચ્યો હતો. આ ફુગાવાના આંકડા ચિંતાજનક છે. કંપનીઓનો દાવો છે કે ખાડી યુદ્ધને કારણે કાચા માલના ખર્ચમાં વધારો અને શિપિંગ ખર્ચમાં વધારો થવાને કારણે તેમના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. ઉત્પાદન ખર્ચમાં વધારો, પરિવહન ખર્ચ અને કાચા માલના પુરવઠામાં વિક્ષેપો કંપનીઓને ભાવ વધારવાની ફરજ પાડી રહ્યા છે. ખાડી યુદ્ધના કારણે કાચા માલના ભાવમાં વધારો અને માલના ભાડામાં વધારો કંપનીઓ પર ખર્ચનો બોજ વધારી રહ્યો છે. ભારતીય ચલણ, રૂપિયા પર દબાણ સાથે, કંપનીઓ હવે આ વધારાના ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખવાની તૈયારી કરી રહી છે. અમદાવાદમાં ઓગસ્ટથી તહેવારોની મોસમ પૂર્વે ચા, કાર, રેફ્રિજરેટર સહિતની વસ્તુઓના ભાવ 6 થી 8 ટકા વધશે. 2026માં આ ત્રીજીવાર ભાવવધારો છે.

## સેન્સેક્સ 274 અંક વધીને 77,928 પર બંધ થયો

- નિફ્ટી 67 અંક ઉપર 24,317 પર પહોંચ્યો, ઓટો અને IT શેર્સમાં વધુ ખરીદી રહી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 30 જુલાઈએ તેજી જોવા મળી. સેન્સેક્સ 274 પોઈન્ટ વધીને 77,928 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 67 પોઈન્ટનો વધારો રહ્યો, તે 24,317 પર બંધ થયો. ઓટો, IT અને મીડિયા શેરોમાં વધુ ખરીદી જોવા મળી. જ્યારે કેમિકલ્સ અને રિયલ્ટી શેરોમાં વેચવાલી રહી. આજથી 2 IPO ઓપન એમવી ઈલેક્ટ્રોસિસ્ટમ્સ અને જુનિપર ગ્રીન એનર્જીના IPO આજથી ખુલી ગયા છે. તેમાં 3 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકાશે. એમવી ઈલેક્ટ્રોસિસ્ટમ્સ IPO દ્વારા 290 કરોડ અને જુનિપર ગ્રીન એનર્જી 1,800 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ પહેલા ગઈકાલે એટલે કે 29 જુલાઈના રોજ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 889 પોઈન્ટના વધારા સાથે 77,655 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 265 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો, જે 24,250 પર બંધ થયો હતો.



### ટ્રાફિક-રોડ સેફ્ટીને લઈને AMCનો મોટો પ્લાન

# અમદાવાદમાં દરરોજ રોડ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત, ટ્રાફિક નિયંત્રણ માટે 2 હજાર TRB જવાનોની ભરતી કરાશે




**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટમાં ટ્રાફિક સમસ્યા, દબાણ, ખરાબ રસ્તા, રખડતા ઢોર જેવી સમસ્યાઓને લઈને એડવોકેટ અમિત પંચાલ દ્વારા કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરવામાં આવી છે. જેની છેલ્લી સુનાવણી અનુસાર, અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા 2026ની નવી વિસ્તૃત ટ્રાફિક અને રોડ સેફ્ટી પોલિસી કોર્ટના રેકોર્ડ પર રજૂ કરવામાં આવી છે. આ પોલિસી અંતર્ગત શહેરમાં ટ્રાફિક નિયંત્રણ અને સુરક્ષા માટે AI કેમેરાનો ઉપયોગ વધારવા, નવા 2,000 TRB જવાનોની ભરતી કરવા અને ટ્રાફિકના નિયમભંગ બદલ ઓટોમેટિક પેનલ્ટી સિસ્ટમ વધુ મજબૂત કરવાના મહત્વના નિર્ણયો લેવાયા છે. માહિતી મુજબ 1 એપ્રિલ, 2025થી 31 માર્ચ, 2026 દરમિયાન શહેરમાં માર્ગ અકસ્માતમાં 454 લોકોએ જીવ ગુમાવ્યા છે. આમ, દરરોજ આશરે માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે. આ પોલિસી એન્જિનિયરિંગ, એન્ફોર્સમેન્ટ, એનકરેજમેન્ટ, એજ્યુકેશન અને એવલ્યુશન આધારિત છે. આ પોલિસીમાં અમદાવાદની પાર્કિંગ પોલિસી, ટ્રાફિક જંકશનના ડિઝાઈન ડેવલોપમેન્ટ, રોડ ઉપરના માર્કિંગ, રોડ મુજબ ફૂટપાથની પહોળાઈ વગેરે જેવા મુદ્દાઓ વિશે માહિતી આપવામાં આવી છે. આ પોલિસીમાં અમદાવાદના 400 મોટા ટ્રાફિક સિગ્નલને સુધારવા અને સેન્ટ્રલ સર્વર સાથે જોડવા વાત કરવામાં આવી છે. ટ્રાફિક નિયમોના પાલન માટે કેમેરા બેઝ ડિટેકશન, રીયલ ટાઈમ ડેટા અને નિયમોના ભંગ બદલ ઓટોમેટીક પેનલ્ટીની માહિતી મૂકવામાં આવી છે. AMCએ જણાવ્યું છે કે, તે શહેરના 60 લાખ સ્ક્વેર કિલોમીટર રોડનું મેનેજમેન્ટ કરે છે. ખરાબ રસ્તાની ફરિયાદ કરવા માટે હેલ્પલાઈન 155303 ઉપલબ્ધ છે.

જોઈન્ટ એંડ ફોર્સમેન્ટ ટીમ દ્વારા ટ્રાફિક, દબાણ, પાર્કિંગ જેવી સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવે છે. શહેરના 130 જંકશનોને ઝીરો ટોલરન્સ જંકશન જાહેર કરાયા છે, જેની ઉપર 6200 કેમેરા દ્વારા વોચ રાખવામાં આવે છે.

### જંકશન પર લાગેલા 1,695 કેમેરાને AI અપગ્રેડ કરાશે

ઉપરોક્ત 6,200 કેમેરાની સ્ટ્રેન્થ સામે બીજા 6 000 કેમેરા ઉમેરવામાં આવશે. આમ 12,200 કેમેરા જેમાં AI કેમેરાનો પણ ઉપયોગ કરવામાં આવશે, જેનાથી પ્રથમ ફેઝમાં 19 જેટલા નિયમોના ભંગ અને બીજા ફેસમાં કુલ 32 જેટલા નિયમોના ભંગને ઓળખીને દંડની કાર્યવાહી કરી શકાશે.

### 2025માં 40 લાખ જેટલા ટ્રાફિક ચલણ જનરેટ થયા

અમદાવાદ શહેરમાં રોજના 12 હજાર જેટલા ટ્રાફિક ચલણ જનરેટ થાય છે. 2025માં કુલ 40 લાખ જેટલા ટ્રાફિક ચલણ જનરેટ થયા હતા, જેના દંડની રકમ 266 કરોડ જેટલી થવા જાય છે. માર્ચ, 2026 સુધીમાં કુલ 13.15 લાખ જેટલા ચલણ જનરેટ થયા હતા અને 90 કરોડ જેટલો દંડ વસૂલવામાં આવ્યો હતો. શહેરમાં અનઅધિકૃત પાર્કિંગને લઈને 40 જેટલી ટોઈંગ વાન કાર્યરત છે, જેને 2025માં 1.98 લાખ મેમો જનરેટ કર્યા હતા અને 12.92 કરોડનો દંડ કરવામાં આવ્યો હતો.

## અમદાવાદ હેરિટેજ સિટી જર્જરિત, કોટ વિસ્તારમાં દોઢ મહિનામાં 30 મકાનો ધ્વસ્ત, રહીશોમાં ભય ફેલાયો

**અમદાવાદ**

હેરીટેજ સિટી અમદાવાદ જાણે હવે જર્જરિત બની રહ્યું છે. કોટ વિસ્તારના દાયકાઓ જૂના મકાનો એક પછી એક ધરાશાયી થઈ રહ્યા છે. આસ્તોડિયા અને દરિયાપુર બાદ માણેક ચોક અને રાયપુરમાં ત્રણ-ત્રણ માળના બે મકાનો કડડભૂસ થઈ ગયા હતા. જ્યારે ગોમતીપુરમાં કાલિદાસ મિલ કમ્પાઉન્ડની દીવાલ ધસી પડી હતી. ચોમાસાના દોઢેક મહિનામાં જ કોટ વિસ્તારમાં આવી રીતે ત્રીસેક મકાનો જમીનદોસ્ત થતા પોળના રહીશોમાં ભયનો માહોલ પ્રસરી ગયો છે. મળતી માહિતી અનુસાર, દરિયાપુરમાં મકાન ધરાશાયી થતા મહિલાએ જીવ ગુમાવ્યો હતો. તેવામાં વધુ બે જગ્યાએથી મકાન ધસી પડવાની ઘટના સામે આવી છે. ખાડિયા વોર્ડના રાયપુરમાં પખાલીની પોળ તેમજ માણેક ચોકની ગુશા પારેખની પોળમાં ત્રણ-ત્રણ માળના બે મકાન ધડાકાભેર જમીનદોસ્ત થયા



હતા. જેનો અવાજ સાંભળી સ્થાનિકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે, ઘટના બની તે સમયે ત્યાંથી કોઈ વ્યક્તિ પસાર ન થઈ રહી હોવાથી જાનહાનિ ટળી હતી. પરંતુ કાટમાળના લીધે પોળમાં આવજાનો રસ્તો અવરોધાયો હતો. બીજી બાજુ ગોમતીપુરમાં કાલિદાસ મિલ કમ્પાઉન્ડની દીવાલ ધસી પડતા પાંચથી છ વાહનોનો ભૂક્કો બોલાઈ ગયો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર, ચોમાસામાં અત્યાર સુધી કોટ વિસ્તારમાં ત્રીસેક મકાનો ધરાશાયી થયા છે. જ્યારે શહેરની આશરે દોઢેક હજાર પોળમાં 30 ટકાથી વધુ મકાનો આવી જર્જરિત હાલતમાં છે.

## ઠક્કરબાપાનગરમાં રોડ પર દબાણ હટાવવાની કામગીરી સમયે પથ્થરમારો

**AMC કર્મચારીએ લારી ધારકને માર માર્યો હોવાના આક્ષેપ સાથે લારી ધારકોએ શાકભાજી રસ્તા પર ફેંકી વિરોધ નોંધાવ્યો : તેમણે પોલીસ બોલાવી કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી**

**અમદાવાદ**

અમદાવાદના ઠક્કર બાપાનગર વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના દબાણ ખાતાની ગાડીઓ ઉપર પથ્થરમારાની ઘટના બની છે. રતનબા કેનાલ રોડ ઉપર કોર્પોરેશન દ્વારા રોડ બનાવવાની કામગીરી થઈ રહી છે. ત્યારે રોડ પર લારીવાળાઓ દબાણ કરે છે જેથી કોર્પોરેશનની ઉત્તર ઝોનની દબાણ ખાતાની ગાડીઓ આજે 30 જુલાઈએ સવારે દબાણ હટાવવા ગઈ હતી.

તે દરમિયાન સ્થાનિક લારી વાળાઓ ભેગા થઈ ગયા હતા અને દબાણ ખાતાના કર્મચારીઓ તેમજ મજૂરો સાથે બોલાચાલી કરી હતી. જેમાં ઘર્ષણ બાદ ઉશ્કેરાયેલા લારીવાળાઓએ



ગાડીઓ ઉપર પથ્થર મારો કર્યો હતો. એક ગાડીનો પણ કાચ તૂટી ગયો હતો. ઘટનાની જાણ થતા પોલીસની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. શહેરના ઠક્કરબાપાનગર વિસ્તારમાં કોઠીયા હોસ્પિટલની પાછળના ભાગે રતનબા કેનાલ રોડ છે. ત્યાં શાકભાજીની લારીવાળાનું દબાણ હોય છે. દરરોજ સવારે અને સાંજે લારીવાળા ઊભા રહી જતા હોય છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા થતી હોય છે. આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

## SP રિંગ રોડ પર વિનવિક્સ કેફેમાં હુક્કાબારનો પર્દાફાશ

### સાબરમતી પોલીસની કાર્યવાહી : 23 હુક્કા સહિત 37 હજારનો મુદ્દામાલ કબજે કરાયો.!

**અમદાવાદ**

સાબરમતી પોલીસે SP રિંગ રોડ પર હોટલ હિલ્લોકની સામે વિનવિક્સ કેફેમાં ગેરકાયદે ચાલતા હુક્કાબાર પર દરોડો પાડી કાર્યવાહી કરી છે. પોલીસને રેડ દરમિયાન બે હુક્કા ચાલુ હાલતમાં મળી આવ્યા હતા. જે ગ્રાહકો માટે રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય 21 હુક્કા, નિકોટીન સહિત 37 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

સાબરમતી પોલીસ સ્ટેશનના PSI એચ.ડી.રાઓલ સહિતનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલી બાતમીના આધારે SP રિંગ રોડ પર હોટલ હિલ્લોક સામે અને નાયરા પેટ્રોલ પંપ પાછળ વિનવિક્સ કેફેમાં તપાસ કરવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન કેફેના સંચાલક વિનિતભાઈ નરેન્દ્રભાઈ રાઠોડ



(ઉંમર 37 વર્ષ,રહે.જગતપુર) હુક્કા ગ્રાહકોને પીરસવા માટે તૈયાર રાખ્યા હોવાનું મળી આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી ચાલુ હાલતમાં બે હુક્કા ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન પોલીસે 21 હુક્કા, તમાકુ ફ્લેવરના 9 ડબ્બા, સિલ્વર ફોઈલ પેપર, માટીની ચીલમ, કોલસા, નવી પાઈપ સહિતનો સામાન જપ્ત કર્યો છે જેની કિંમત 37,600 રૂપિયા હોવાનું પોલીસે જણાવ્યું છે. સાબરમતી પોલીસે આ મામલે જાણવા જોગ નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### 30 વર્ષના શાસન બાદ તંત્રને ગેરકાયદે ટ્યુશનનો મુદ્દો દેખાયો

## શિક્ષકોના ગેરકાયદે ટ્યુશન ક્લાસીસ સામે શિક્ષણ વિભાગ કેમ આંખ આડા કાન કરે છે?

### નિયમો અને પરિપત્રો હોવા છતાં શિક્ષકોના ખાનગી ટ્યુશન પર લગામ નથી

**અમદાવાદ**

શિક્ષણ જગતમાંથી વધુ એક મોટો ધડાકો અને તંત્રની લાચારી સામે આવી છે. ૩૦-૩૦ વર્ષના શાસન અને વહીવટ પછી પણ શું જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરી હજુ પણ ગાઢ નિંદ્રામાં છે? શાળાના શિક્ષકો નિયમો વિરુદ્ધ જઈને ખાનગી ટ્યુશન ક્લાસીસ ચલાવે છે તે સત્યથી આખું શહેર વાકેફ છે, પણ શું આશ્ચર્યજનક રીતે DEO સાહેબને આજે જ આ વાતની ખબર પડી છે? SOP અને સરકારી નિયમો અનુસાર, શાળામાં ફરજ વતા કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યુશન કે કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ ચલાવી કે તેમાં ભણાવી શકતા નથી. આ કાયદો સ્પષ્ટ છે, છતાં પણ નિયમોના ધજાગરા ઉડી રહ્યા છે. સ્થાનિકો અને જાગૃત નાગરિકો વારંવાર પુરાવા સાથે લેખિત ફરિયાદો આપીને થાકી ગયા છે. DEO કચેરીમાં



અરજીઓ ઉપર અરજીઓ ખડકાઈ રહી છે, પરંતુ જવાબદાર અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. તીખો સવાલ: જ્યારે સામાન્ય નાગરિકો અને વાલીઓ પુરાવા સાથે ફરિયાદ પત્રો આપે છે, ત્યારે તંત્ર આ શિક્ષકો સામે કડક અમલવારી કેમ નથી કરાવતું? શું આ મૌન પાછળ કોઈ 'બહું મોટો આર્થિક લાભ' કે સેટિંગ જવાબદાર છે? શાળામાં પૂરતું ન ભણાવવું અને પોતાના કે પોતાના મળતિયાઓના ટ્યુશન ક્લાસીસમાં આવવા માટે વિદ્યાર્થીઓ પર અપ્રત્યક્ષ દબાણ બનાવવું–આ આજે ખુલ્લેઆમ ચાલી રહેલો વેપાર બની ગયો છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના પગાર લેતા શિક્ષકો લાખો રૂપિયા ખાનગી ટ્યુશનમાંથી રળી રહ્યા છે, પણ શિક્ષણ વિભાગ માત્ર પરિપત્રો ચોંટાડીને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લે છે.

'પાક્કો ગુજરાત'ના તંત્રને સીધા સવાલો: 1. શું DEO કચેરીમાં બેઠેલા અધિકારીઓને પોતાના જ નિયમોની અમલવારી કરાવતા ડર લાગે છે? 2. કાગળ પરના કાયદાઓ શું માત્ર સામાન્ય લોકો માટે છે? નિયમભંગ કરતા શિક્ષકો સામે દાખલારૂપ કાર્યવાહી ક્યારે થશે? 3. વારંવાર આપેલી ફરિયાદો પર રદ્દી કાગળની જેમ ધૂળ કેમ જામવા દેવામાં આવે છે?

## જમાલપુર બ્રિજ નીચે છરી બતાવી તેલના ડબ્બાની લૂંટ : બે શખસો ફરાર થયા

**અમદાવાદ**

નારોલમાં રહેતા પ્રીતેશ રાણા અને તેમનો ભાઈ ધ્રુવિલ 29 જુલાઈના રોજ સવારે બોલેરો પીકઅપ ગાડીમાં કરિયાણું અને તેલના ડબ્બા ભરીને ચાંદખેડા જઈ રહ્યા હતા. સવારે 5 વાગ્યાની આસપાસ જમાલપુર બ્રિજ નીચે શાકભાજીની ગાડીઓના કારણે ટ્રાફિક જામ હતો. આ દરમિયાન બે અજાણ્યા શખસોએ ગાડીના પાછળના ભાગે ચડીને તેલના ડબ્બા ઉતારવાનો પ્રયાસ કર્યો હતો.

બંને ભાઈઓએ તેમને રોકવાનો પ્રયત્ન કરતા, એક શખસે છરી બતાવીને 15 લિટરના ગુલાબ સીંગતેલના બે ડબ્બાની લૂંટ ચલાવીને ભાગી ગયા હતા. આ મામલે પ્રીતેશભાઈએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એલિસબ્રિજના રહેવાસી ગેબ્રિયલ ટેકરીવાલાએ વર્ષ 2010માં 'એલિગન્સ રિયલ્ટી' કંપનીની સ્કીમમાં 250 રૂપિયા પ્રતિ ચોરસ ફૂટના ભાવે 1000 ચોરસ ફૂટનો પ્લોટ બુક કરાવ્યો હતો. તેમણે દસ્તાવેજ ખર્ચ સહિત 2.95 લાખ રૂપિયા કંપનીના ડાયરેક્ટર ભરત પોપટ, હર્ષા પોપટ અને મુકેશ શાહને ચૂકવી રસીદ મેળવી હતી.

છ મહિનામાં દસ્તાવેજ કરી આપવાનું અને મંજૂરી મળ્યા બાદ ડેવલપમેન્ટ શરૂ કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. જોકે, આટલા વર્ષો પછી પણ સ્કીમમાં કોઈ ડેવલપમેન્ટ થયું નથી કે નાણાં પરત મળ્યા નથી.


## શહેરમાં વહેલી સવારે ભૂકંપનો આંચકો, રિક્ટર સ્કેલ ઉપર 2.6ની તીવ્રતા નોંધાઇ

### ISR મુજબ, ભૂકંપનું કેન્દ્ર અમદાવાદથી 29 કિલોમીટર દક્ષિણ-પશ્ચિમ દિશામાં 20 કિલોમીટર ઊંડાઇએ હતું, કોઇ જાનહાનિ કે મોટા નુકસાનના અહેવાલ નથી

**અમદાવાદ**

અમદાવાદમાં ગુરુવારે વહેલી સવારે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR) દ્વારા જાહેર કરાયેલા અહેવાલ અનુસાર, આજે 30 જુલાઈના રોજ સવારે 4:39 વાગ્યે રિક્ટર સ્કેલ પર 2.6ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર અમદાવાદ શહેરથી અંદાજે 29 કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ વિસ્તારમાં બાવળા પાસે હતું.

ISRના જણાવ્યા મુજબ ભૂકંપની ઊંડાઈ જમીનની સપાટીથી આશરે 20 કિલોમીટર નોંધાઈ હતી. તીવ્રતા ઓછી હોવાથી ભૂકંપની અસર મર્યાદિત રહી હતી અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં તેની ખાસ અસર જોવા મળી નહોતી. પ્રાથમિક માહિતી અનુસાર, કોઈ જાનહાનિ કે



માલ-મિલકતને નુકસાન થયું હોવાના અહેવાલ નથી. જોકે, વહેલી સવારનો સમય અને આસપાસનું વાતાવરણ શાંત હોવાથી શહેરના કેટલાક વિસ્તારોમાં રહેતા લોકોને હળવી ધ્રુજારીનો અનુભવ થયો હોવાનું જાણવા મળ્યું છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, 2.6ની તીવ્રતાનો ભૂકંપ સામાન્ય રીતે હળવી શ્રેણીમાં આવે છે, જેના કારણે મોટા ભાગે કોઈ ગંભીર નુકસાન થતું નથી. તેમ છતાં, ભૂકંપ જેવી કુદરતી ઘટનાને ધ્યાનમાં રાખીને સત્તાવાળાઓ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભૂકંપની ગતિવિધિઓ પર ISR સતત મોનિટરિંગ કરી રહ્યું છે અને હાલની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય હોવાનું જણાવાયું છે. ગુરુવારે વહેલી સવારે મહારાષ્ટ્રના નાસિકમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 3.8 નોંધાઈ હતી. આ આંચકો સવારે 2:37:41 વાગ્યે (IST) અનુભવાયો હતો. NCSએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્રબિંદુ 20.448 ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને 73.708 ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું અને તેની ઊંડાઈ સપાટીથી 5 કિલોમીટર નીચે હતી. NCSએ 'X' પરની એક પોસ્ટમાં આ વિગતોની પુષ્ટિ કરી હતી.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI